Securities and Exchange Board of India

ફાઈનાન્સિયલ એજ્યુકેશન યંગ ઈન્વેસ્ટર

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ઈન્વેસ્ટર પ્રોટેક્શન એન્ડ એજ્યુકેશન ફંડ (આઈપીઈએફ) માટેની સલાહકાર સમિતિના માર્ગદર્શન હેઠળ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) દ્વારા પુસ્તકનું લખાણ (કન્ટેન્ટ) તૈયાર કરાયું છે.

એમસીએક્સ-એસએક્સ અને એફટીકેએમસી દ્વારા તેના ગ્રાફિક્સ અને પ્રિન્ટ ડિઝાઈન તૈયાર કરવામાં આવ્યાં છે.

ડિસ્ક્લેઈમરઃ

સેબીની નાણાકીય શિક્ષણની યોજનાઓ જનતાને સામાન્ય માહિતી પૂરી પાડવા માટે છે. સિક્યુરિટીઝ વિશેના કાયદા, રૂલ્સ, રેગ્યુલેશન્સ, માર્ગદર્શિકાઓ અને તેના અંતર્ગત રચાયેલા નિર્દેશો અંગેની ખાસ માહિતી માટે www.sebi.gov.in વાંચી જાવ.

પ્રકાશકઃ

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી).

સેબી ભવન

પ્લોટ નં. સી ૪-એ, 'જી' બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.

ટેલિફોનઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૦૦/૪૦૪૫૯૦૦૦/૯૧૧૪

ફેક્સઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૨૭/૪૦૪૫૯૦૨૭

ઈ-મેઈલઃ feedback@sebi.gov.in

આ પ્રકાશનમાં કોઈ પણ ભૂલચૂક ટાળવાનો દરેક પ્રવાસ કરાયો છે. તેમ છતાં જો કોઈ ભૂલચૂક કે વિસંગતિ ધ્યાનમાં આવે તો તેની ઉપરોક્ત સરનામે જાણ કરવાની વિનંતી છે, જેને આગામી આવૃત્તિમાં સુધારી લેવામાં આવશે. આ વાંચન સામગ્રીનો ઉપયોગ કરવાથી કોઈને પણ કોઈ પણ પ્રકારનું કોઈ પણ રીતે કોઈ પણ નુકશાન કે ખોટ થાય તો એના માટે પ્રકાશક જવાબદાર રહેશે નહીં એની જાણ કરવામાં આવે છે.

પ્રકાશકની લેખિત પરવાનગી વિના આ પુસ્તકના કોઈ પણ ભાગનું પુનઃ નિર્માણ (રિપ્રોડ્યુસ) કરી શકાશે નહીં કે તેની કોઈ પણ સ્વરૂપે અથવા કોઈ પણ રીતે (ગ્રાફિક કે મિકેનિકલ, ફોટોકોપી, રેકોર્ડિંગ, ટેપિંગ અથવા ઈન્ફોર્મેશન રિટ્રાઈવલ સિસ્ટમ સહિત) નકલ કરી શકાશે નહીં અથવા કોઈ પણ ડિસ્ક, ટેપ, પર્ફોરેટેડ મીડિયા અથવા બીજા માહિતીનો સંગ્રહ કરવા માટેના સાધન પર તેનું પુનઃ નિર્માણ કરી શકાશે નહીં. આ શરતનો ભંગ કરનાર સામે કાનૂની પગલાં લેવામાં આવશે.

શીખવા માટેના ચાવીરૂપ ઉદ્દેશો

આ બુકલેટ વાંચ્યા પછી નીચે દર્શાવ્યા મુજબની બાબતો સમજી શકશો.

- નાણાકીય આયોજન માટેની જરૂરિયાત
- નાની ઉંમરમાં આયોજન કરવાથી ખરા સમયની જરૂરિયાતને સંતોષી શકશો.
- ભારતના નાણાકીય બજારમાં રોકાણ માટેની વિવિધ તકો.
- રોકાણ કરતાં પહેલાં સાવધાની રાખવા જેવી બાબતો.
- નક્કી કરેલા નાણાકીય લક્ષ્યને પહોંચી વળવાના રોકાણ માટેની વ્યૂહરચના.
- રોકાણની શરૂઆત કેવી રીતે કરવી.

અનુક્રમણિકા

૧. પરિચય

૨. નાણાકીય આયોજન

૩. ચતુરાઈપૂર્વકનાં લક્ષ્ય

૪. તમારા લક્ષ્યને કેવી રીતે સિદ્ધ કરશો ?

૫. જોખમ સામે વળતર

૬. ચક્રવૃદ્ધિની શક્તિ

૭. રોકાણ પર થતી ફુગાવાની અસર

૮. બચત અને રોકાણ

૯. લોન અને રોકાણ

૧૦. બચત અને મૂડીરોકાણ સંબંધિત પ્રોડક્ટ્સ

૧૧. રક્ષણ સંબંધિત પ્રોડક્ટ્સ

૧૨. ઋણ સંબંધિત પ્રોડક્ટ્સ

૧૩. રોકાણની વ્યૂહરચના

૧૪. રોકાણમાં નુકસાની ન થાય તે માટેની તકેદારી

૧૫. રોકાણની શરૂઆત કેવી રીતે કરવી ?

૧૬. નાણાકીય આયોજનના લાભો

૧૭. રોકાણકાર રક્ષણ અને ફરિયાદ નિવારણ યંત્રણા

૧૮. સંક્ષેપ

૧૯. મહત્ત્વની વેબસાઈટ્સ

૧. પરિચય

દરેક વ્યક્તિએ નાણાંનું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે. પછી ભલેને શાળાએ જતું બાળક હોય કે રિટાયર્ડ નાગરિક હોય. પહેલેથી જ તમારાં નાણાંનું આયોજન કરતા થાય તે તમારા હિતમાં છે. જો તમે આયોજન કરો અને ગમે તેમ પૈસા વાપરવા લાગો તો પછી જ્યારે એક દિવસે તમે ઘર ખરીદવા ઈચ્છો ત્યારે ભાગ્યે જ તમારાં હાથમાં કોઈ બચત હોઈ શકે. આમ થવાનું કારણ તમે નાણાકીય આયોજન કર્યું નથી અને તમે જરૂર કરતાં વધારે ખર્ચ કર્યો છે.

આપણે ખરેખર કેટલો ખર્ચ કરવો જોઈતો હતો તે આપણે વિચાર્યું નહીં અને વધારે પડતો ખર્ચ કર્યો. આપણે ખર્ચ કરતા રહ્યાં અને કેટલા પૈસા વપરાઈ રહ્યા છે તેની ગણતરી રાખી નહીં. પ્રત્યેક વ્યક્તિએ ખરીદવાની ઈચ્છા હોવી અને વસ્તુની મૂળભૂત જરૂરિયાત હોવી તે બન્ને બાબતોનો તફાવત સમજવો જોઈએ. દરરોજ બે વખત જમવાનો અને ઘરના ભાડાનો ખર્ચ એ આપણી મૂળભૂત જરૂરિયાતનો ખર્ચ છે, જ્યારે વીડિયોગેમ તથા ચલચિત્ર જોવાનો ખર્ચ કરવો જરૂરી નથી, તેના વગર ચલાવી શકાય છે. જો આપણે આપણી જરૂરિયાત પર અંકુશ રાખીએ તો આપણે થોડીક બચત બાજુ પર રાખી શકીએ અને સમય જતાં મહત્ત્વની જરૂરી વસ્તુ જેવી કે વાહન, ઘર તથા આગળના ભણતર માટે બચત વાપરી શકીએ. આ એક પ્રકારનું આયોજન છે, જે આપણાં નાણાકીય લક્ષ્યને સિદ્ધ કરવા મદદરૂપ થાય છે.

શરૂઆતમાં તમે તમારાં ભવિષ્યનાં નાણાકીય લક્ષ્ય શું છે તે નક્કી કરો અને ઉચિત સમયે તે લક્ષ્યને સિદ્ધ કરી શકો તે રીતનું આયોજન કરો. આ એટલા માટે કે તમને બચત માટે લાંબો સમયગાળો મળી શકે અને તે સમયગાળામાં તમારાં લક્ષ્યની યાદી મુજબ બચત કરવાનું આયોજન કરી શકો. દરેક સ્કૂલે જતા બાળકને નાનપણથી તેના ભવિષ્યના નાણાકીય લક્ષ્યને સિદ્ધ કરવા માટે ગણતરી તથા બચત કરતાં શીખવવું જોઈએ.

કોલેજના વિદ્યાર્થી માટે આ નાણાકીય આયોજનના પાઠ નાણાકીય આયોજનનાં વિવિધ પાસાં રજૂ કરે છે. દરેક વ્યક્તિ માટે નાણાકીય આયોજન ઘણું જ મહત્ત્વ રાખે છે. જો વ્યક્તિ નાની ઉંમરથી જ નાણાકીય આયોજનનું મહત્ત્વ સમજી શકે તો ભવિષ્યની નાણાકીય જરૂરિયાત માટે બચત માટેની યોગ્ય યોજના પસંદ કરી શકે.

૨. નાણાકીય આયોજન

ભવિષ્યના નાણાકીય લક્ષ્ય સિદ્ધ કરવા માટે નાણાકીય આયોજન આપણા માટે ઘણું મહત્ત્વનું છે. પ્રત્યેક વ્યક્તિએ પોતાનાં નાણાંનું આયોજનનું મહત્ત્વ સમજી જવું જોઈએ. શા માટે મહત્ત્વ સમજવું જોઈએ તે માટે એક દાખલો જોઈએ. નીચેનો ફકરો બે વ્યક્તિ વચ્ચેનો વાર્તાલાપ છે. એક વ્યક્તિ જે વિદ્યાર્થી છે, જેનું નામ શાંતનું છે. ઉંમર ૧૭ વર્ષની છે એ ફાઈનાન્સમાં ગ્રેજ્યુએશન કરે છે અને બીજો મોટો ભાઈ નિખિલ (૩૫ વર્ષ) જે ફાઈનાન્સ પ્લાનર તરીકે કામ કરે છે. આ વાર્તાલાપ નાણાકીય આયોજન માટેનો ઉદ્દેશ્ય સમજાવે છે.

શાંતનું: એક અઠવાડિયા પછી મારા એક ખાસ મિત્રનો જન્મદિવસ આવે છે, હું તેને માટે પાર્ટી રાખીને આશ્ચર્યનો આંચકો આપવા માંગું છું. હું મારા ક્લાસના વિદ્યાર્થીઓને નાસ્તા માટે બોલાવવા માગું છું. તમે મહેરબાની કરીને મારુ માર્ગદર્શન કરશો ?

નિખિલઃ સૌ પ્રથમ તારે આ પ્રસંગ માટે આયોજન કરવું જોઈતું હતું અને તે પ્રમાણે જરૂરી વ્યવસ્થા કરવી જોઈતી હતી.

શાંતનુંઃ મારે શા માટે આયોજન કરવું જોઈએ ?

નિખિલઃ આયોજન તમને તમારી સંપત્તિ અને ભવિષ્યના લક્ષ્ય તથા તમારી જરૂરિયાતનું વિગતવાર ચિત્ર તમારી સામે રજૂ કરશે. આયોજન વગર હાથ પર લીધેલું કામ પૂરું કર્યું કે નહીં તે બાબતની ખાતરી નથી રહેતી અને સંપત્તિનો વેડફાટ કરીને કામનો અંત લાવો છો. ધારો કે જન્મદિવસની ઉજવણી માટે આયોજન નથી કર્યું તો શક્ય છે કે તમારાં ક્લાસના બધા વિદ્યાર્થીઓને આમંત્રણ આપી ન શક્યા હો. નાસ્તો સમયસર ન આપી શક્યા હો અને જન્મદિવસની પાર્ટી તમે ધાર્યા પ્રમાણે સારી રીતે ન ઉજવી શક્યા હો. પણ જો આપણે આયોજન કર્યું હોત તો કોઈ ભૂલ ન થઈ હોત અને આપણે કોઈ અણધાર્યો પડકારને ઝીલવા સક્ષમ હોત.

શાંતનુંઃ ઓહ મેં આ પહેલા ક્યારેય આવું વિચાર્યું ન હતું. અમારા રોકાણ બાબતના પ્રોફેસર નાણાકીય આયોજનના પહેલા સત્રમાં આપણે શા માટે આયોજન કરવું જોઈએ તે વિષય તથા નાણાકીય આયોજન એટલે શું ? તે વિષય સમજાવ્યો હતો.

નિખિલઃ નાણાકીય આયોજન એટલે તમારાં પૈસાનું યોગ્ય રીતે આયોજન કરવું. આ માટે પૈસાની કેટલી જરૂર છે અને શું લક્ષ્ય છે તે ધ્યાનમાં રાખવું ઘણું મહત્ત્વનું છે. ત્યાર પછી પોતે રોકાણ કરીને કે ઉછીના લઈને પોતાનાં લક્ષ્ય સિદ્ધ કરવાં જોઈએ.

શાંતનુંઃ શું આ બધી વિગતો તમારાં વ્યવસાયને લાગતી વળગતી છે ?

નિખિલઃ હા. નાણાકીય આયોજક તરીકે મારે રોકાણકારોને તેમના નાણાંનું આયોજન કરવામાં અને રોકાણ માટે મદદ કરવાની છે. ભવિષ્યની પોતાની નાણાકીય જરૂરિયાતને પહોંચી વળે તે માટે અમે રોકાણકારને યોગ્ય રીતે તેઓ પોતાના પૈસાનું રોકાણ કરે તે માટે માર્ગદર્શન આપીએ છીએ.

શાંતનુંઃ તો હું મારા જન્મદિવસની પાર્ટી કેવી રીતે ગોઠવું ?

નિખિલઃ ચાલો આપણે આપણી પાસે પાર્ટી માટે કઈ કઈ વસ્તુઓ છે અને કઈ કઈ વસ્તુની જરૂર છે તેની નોંધ કરીએ. (નીચેના બોક્ષમાંની યાદી જુઓ જે શાંતનુંએ તેના ભાઈના કહેવા મુજબ નોંધી છે).

નિખિલઃ આપણે અહીંથી શરૂઆત કરીએ કે તું પાર્ટી માટે કેટલા લોકોને આમંત્રણ આપવાનો છે ?

શાંતનુંઃ હું મારા ક્લાસના બધા જ ૩૦ વિદ્યાર્થીઓને આમંત્રણ આપવા માટે આયોજન કરવા માગું છું.

નિખિલઃ આ ઘણો મોટો સમુદાય થશે. તે આ પાર્ટી આયોજિત કરવા માટે કંઈ ફાળો એકઠો કર્યો છે ?

શાંતનુંઃ મેં મારા સહાધ્યાયી પાસેથી ₹ ૬૦૯૦ ભેગા કર્યા છે.

નિખિલઃ હવે આપણને ખબર છે કે કેટલા મહેમાનોને આમંત્રણ આપ્યું છે અને કેટલું ભંડોળ આપણી પાસે છે. તો આપણે તે મુજબ આયોજન કરીશું. સૌથી પહેલાં આપણે નાસ્તા તથા જન્મદિવસની કેક માટે પૈસાની ફાળવણી કરીએ, જેથી ભંડોળનો બરાબર ઉપયોગ થઈ શકે. તને નાસ્તા માટેના ખર્ચની ખબર છે ?

શાંતનું: નજીકમાં નાકા પર આવેલા ફાસ્ટ ફૂડમાં તપાસ કરી તેણે ૩૦ માણસો માટેનો ખર્ચ ₹ ૩૦૦૦ની આસપાસનો કહ્યો.

પાર્ટીનું આયોજન	
મહેમાન (આંકડામાં)	૩૦
ફંડ (₹)	**૬૦૯૦**
નાસ્તો (₹)	૩૦૦૦
ભેટ (₹)	**૨૫૦૦**
બચત (રૂપિયામાં)	૫૯૦

નિખિલ: તો ફંડના ૫૦ ટકામાંથી નાસ્તાનો ખર્ચ નીકળી જશે. શું તું તારા મિત્રને યાદગીરી તરીકે કોઈ ભેટ આપવા માગે છે ?

શાંતનું: હા. પણ તે શક્ય છે ? મારે મારા સહાધ્યાયી તરફથી મારા મિત્ર માટે પ્લેસ્ટેશન ખરીદવું છે.

નિખિલ: તારા અંદાજપત્રમાં બંધબેસતુ આવતું હોય તો તે ભેટને પસંદ કરી શકે છે. તું આયોજન કરે તે પહેલાં એ ચોકસાઈ કરવી જોઈએ કે તેને માટે પૂરતું ભંડોળ ઉપલબ્ધ છે કે નહીં. પ્લેસ્ટેશન લાગે છે તો સારું પણ તે આપણે ખર્ચી શકીએ તે કરતાં વધારે મોંઘું હશે. આપણે તેને બદલે એવી ભેટ ખરીદીએ કે જેની કિંમત વધુ યોગ્ય હોય. તમે બ્રાંડેડ વસ્ત્રો ભેટ તરીકે આપશો તો પણ તેને ગમશે.

શાંતનું: આ સારો વિચાર છે. નજીક આવેલા ગિફ્ટ આઈટમ સ્ટોરમાં બધા જ પ્રકારની ભેટ આપવા માટેની વસ્તુઓ ઘણા જ આકર્ષક ભાવે ઉપલબ્ધ છે. ત્યાંથી આપણે ₹ ૨૫૦૦ની આસપાસની યાદગીરી માટેની ભેટ ખરીદી લાવશું.

નિખિલ: આમ કરીશું તો ₹ ૫૯૦ પણ આપણી પાસે રહેશે. તું કોઈ વધારાની ચીજ લેવા માગે છે ?

શાંતનું: મને લાગે છે કે આપણે કોઈ રમત-ગમતની વસ્તુ લેવી જોઈએ અને પછી પણ જે પૈસા બચે તેમાંથી આપણા બધા માટે ચોકલેટ ખરીદશું.

નિખિલ: હવે મને લાગે છે કે આપણે પાર્ટી માટેનું આયોજન પૂરું કર્યું છે. હવે તારે સૌથી પહેલાં વહેલાસર અગાઉથી નાસ્તા માટેનો ઓર્ડર નોંધાવી દેવો જોઈએ અને ભેટ આપવા માટેની વસ્તુ પાર્ટીના એક દિવસ પહેલાં ખરીદશું, જેથી છેલ્લી ઘડીએ દોડધામ ન થાય.

શાંતનું: તમારો ઘણો આભાર. હવે મને ખાતરી છે કે હું પ્રસંગનું આયોજન કરી શકીશ.

નિખિલ: હંમેશાં યાદ રાખજે કે તારે જ્યારે કોઈ મોટું કામ હાથ ધરવાનું થાય ત્યારે પહેલાં તે કામ માટેનું આયોજન કરવું જોઈએ.

પ્રવૃત્તિઃ

જુઓ શાંતનુંએ કેવી રીતે પાર્ટીનું આયોજન કર્યું. જો તેણે જે ફંડ ભેગું કર્યું હતું તે જો જાહેર ન કર્યું હોત તો પ્રસંગનું આયોજન કરવું બહું અઘરું રહેત. જો નિખિલે પ્રારંભથી આ બધી વિગતો ન જાણી હોત તો શાંતનુંએ મોંઘી ભેટ ખરીદી હોત અને નાસ્તા માટે પૈસા બચ્યા ન હોત. એ નોંધી પણ લો કે નિખિલે પ્રસંગની પહેલાં આયોજન કરવાની સલાહ આપી જેથી કરીને ભૂલ થવાનો અવકાશ ન રહે અને છેલ્લી ઘડીએ ભાગદોડ ન થાય.

જે રીતે નિખિલે શાંતનુંને પાર્ટીના આયોજન માટે મદદ કરી એ જ રીતે તમે તમારાં નાણાંનું આયોજન કરી શકો છો. સિવાય કે તમારે તમારાં પૈસાના રોકાણ માટે અત્યંત સાવધાની રાખવી જોઈએ, જ્યાં આપણા પૈસા રોક્યા હોય ત્યાં આપણાં નાણાંનો શ્રેષ્ઠતમ ઉપયોગ થવો જોઈએ. નાણાકીય આયોજનમાં વિવિધ પાસાંનો સમાવેશ થાય છે, જેમ કે તમારાં લક્ષ્યને ઓળખવું, સંપત્તિમાં ફાળવણી, પોર્ટફોલિયો મેનેજમેન્ટ વગેરે બાબતો રોકાણકારને પોતાનાં નાણાંને વ્યવસ્થિત રીતે રોકાણ કરવામાં મદદરૂપ થાય છે. નીચેનો વાર્તાલાપ જે શાંતનું અને તેના ભાઈ નિખિલ વચ્ચે થયો હતો તે નાણાકીય આયોજનના વિષયમાં વધું ઊંડાણથી સમજવામાં મદદરૂપ થશે.

એક્ટિવિટી ૧ઃ તમને મળતા ખિસ્સા ખર્ચને અનરૂપ મહિનાનો ખર્ચ અને બચતને લાગતું અંદાજપત્ર બનાવો. શાંતનુંએ તેના મિત્રને પાર્ટી આપવા માટે જે આયોજન કર્યું હતું તેને દાખલારૂપે લઈને તમારું અંદાજપત્ર બનાવો. તમે નીચે આપેલા બોક્ષની મદદ લઈ શકો છો, જેમાં બજેટ બનાવવા માટે મુખ્ય મુદ્દા સૂચવ્યા છે.

તમારા મહિનાનું અંદાજપત્ર
અ. આવક
• ખિસ્સા ખર્ચ
• છુટક કામની આવક
• ઈનામ
• ભથ્થું
• રોકડ ભેટ
બ. ખર્ચ
• કોલેજની ફી
• પાર્ટી
• ભેટ
• હપ્તો
• જમવાનું
• ગાડી ભાડું
• બીજા ખર્ચ
ક. સિલક (અ-બ)

જો તમારી આવક તમારા ખર્ચ કરતાં વધારે હોય તો તમે નાણાકીય આયોજન સરળતાથી કરી શકશો. આમ છતાં તમારી બચત નકારાત્મક હોય તો તમારે નાણાકીય આયોજન હમણાં જ શરૂ કરી દેવું જોઈએ.

શું તમે આ જાણો છો ?
યોજનાબદ્ધ કરેલી બચત તમારી કુલ આવકના ૨૦ ટકા જેટલી હોઈ શકે

અંગત બજેટ

આ દરમિયાન શાંતનું એ યુનિવર્સિટી સ્તર સુધીનું અર્થશાસ્ત્રની પરીક્ષા માટેનું ભણતર પૂરું કર્યું. નાણાકીય આયોજનનું મહત્ત્વ સમજ્યા પછી હવે શાંતનુંને પોતાના નાણાંનું શી રીતે નિયંત્રણ કરવું જેથી કરીને પોતાની લોન ભરપાઈ કરી શકે અને પોતાના ભવિષ્યની જરૂરિયાત માટે કાંઈક ભંડોળ બચાવી શકે. શાંતનું નિખિલની સલાહ લેવા માટે તેને મળવા ગયો.

શાંતનુંઃ હલ્લો નિખિલ, આ વખતનો પ્રોજેક્ટ ઘણો સારો હતો. તમારી ઊંડી દૃષ્ટિ ખરેખર ઘણી મદદરૂપ થઈ. હવે મારે મારાં નાણાંનું આયોજન કેમ કરવું તે તમને પૂછવું છે.

નિખિલઃ સૌથી પહેલાં તારે માસિક બજેટ બનાવવાની આદત કેળવવી પડશે.

શાંતનુંઃ હું તે કેવી રીતે કરી શકું ?

નિખિલઃ માસિક બજેટ એટલે તારી માસિક આવક, ખર્ચ તથા ભવિષ્યમાં આવનારા ખર્ચનું વિગતવાર આયોજન અને ત્યાર પછીની બચતી આવક તારી પાસે રહેશે. (અગાઉ પાર્ટી માટે તે બજેટ બનાવેલું તે જોઈ જા અને તેમાં નવા સુધારાવધારા ઉમેરીને બજેટ બનાવી જો. નિખિલ શાંતનુંને માર્ગદર્શન આપી રહ્યો છે).

નિખિલઃ સૌથી પહેલાં તારી માસિક આવક ઉપર લખ. જો તું કમાતો નથી તો મહિના દરમિયાન ખીસ્સા ખર્ચ માટે મળતા માસિક ભથ્થાની રકમ લખ. તારે જે વસ્તુની જરૂર હોય તે પાછળ થતા ખર્ચની વિગત લખ. મહિના દરમિયાન જે ચીજવસ્તુની જરૂર હોય તેની વિગતવાર નોંધ લખો. આ ઉપરાંત મહિના દરમિયાન જે ચીજ-વસ્તુ માટે ખોટો ખર્ચ થતો હોય તે શોધી કાઢો. જો તમે ભવિષ્યમાં કોઈ મિલકત ખરીદ કે વેચાણ કરવાના હો તેની નોંધ લખો. દરરોજ આ બધી વિગતોની નોંધ નિયમિતપણે લખવાની આદત કેળવવી પડશે. આ બધી નોંધ પ્રમાણિકપણે લખવી જોઈએ. આવક તથા ખર્ચના આંકડા ખરા લખવા જોઈએ, કારણ કે તમારાં ભવિષ્યનું આયોજન આ આંકડા પર આધારિત હોય છે.

શાંતનુંઃ મને લાગે છે કે હવે હું આ બધું કરી શકું એમ છું.

નિખિલઃ હમણાં નહિં. તને પરીક્ષા પહેલાં અમુક વિગતો જણાવી હતી તેમાં થોડી વધુ વિગતો ઉમેરીને કહેવાની છે. તારે મૂડી અને જવાબદારી બાબતે હજી જાણવાનું છે. મૂડી એટલે સંપત્તિ જેની તમે માલિકી ધરાવી શકો છો અને તેને સહેલાઈથી રોકડ રકમમાં રૂપાંતરિત કરી શકો છો. યાદ કર પૈસાની બેગને જે બારામાં મેં અગાઉ તને જણાવ્યું હતું. પૈસાની બેગ એ મૂડી છે, જેમાં તારો મહિનાનો પગાર જમા થાય છે, બેગને તું રોકડમાં રૂપાંતરિત કરી શકે છે. મૂડી એટલે સંપત્તિ જેનાથી તમે તમારું ઋણ ચૂકવવા માટે ઉપયોગ કરી શકો છો. જ્યારે બીજી તરફ કર્જ જે આપણી પર થયેલો ઉપકાર છે, જેને પરત કરવાનો છે. તમારાં મહિનાનાં બિલ અને બીજા ખર્ચાઓ એ

બધી તમારી જવાબદારી છે જેનો તમારી મુડીનો ઉપયોગ કરીને તેની ચુકવણી કરવાની છે. માટે બજેટ એવી રીતે બનાવવાનું કે આવક મુડીના શીર્ષક નીચે અને ખર્ચ જવાબદારીના શીર્ષક નીચે લખવાનું.

નાણાકીય આયોજનનું મહત્ત્વ

શાંતનું: મેં નાણાકીય આયોજનનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે અને મને થોડી સમજવામાં તકલીફ થઈ રહી છે. તો તમે મને તે સમજાવવામાં મદદ કરશો ?

નિખિલ: ચોક્કસ. તું મને તારો ન સમજાતો સવાલ જણાવ.

શાંતાનું: મારો પ્રોજેક્ટ છ ભાગમાં વહેંચાયેલો છે. પહેલા ભાગમાં નાણાકીય આયોજનનો હેતુનો પરિચય કરાવવાનો છે. તમે મને સમજાવશો કે નાણાકીય આયોજન શું છે ?

નિખિલ: નાણાકીય આયોજન એટલે તમારાં ભવિષ્યની નાણાંની જરૂરત તથા તેના ઉદ્દેશને સમજીને તે અનુસાર રોકાણ કરવું જેથી તમારાં ભવિષ્યની જરૂરત પરિપૂર્ણ થઈ શકે. હવે મને જણાવવા દો કે નાણાકીય આયોજન કેવી રીતે કામ કરે છે અને તેની કામગીરીનાં કયાં કયાં વિવિધ પગલાં હોય છે.

નાણાકીય આયોજનની પ્રક્રિયામાં સામેલ પગલાં

નીચેનો ચાર્ટ જુઓ જેમાં નિખિલે શાંતનુંને સમજાય તે રીતે નાણાકીય આયોજનની કામગીરી સમજાવી છે.

નાણાકીય આયોજનની કામગીરીનાં પાંચ પગલાંઓ:

- તમારાં નાણાકીય બાબતની માહિતી એકઠી કરવી - જેવી કે આવક ને લગતી, લોન તથા કોઈની લોન માટે બાંયધરી આપી હોય વગેરે.
- તમારાં નાણાકીય લક્ષ્ય ઓળખી લેવા.
- તમારી હાલની નાણાકીય પરિસ્થિતિ કેવી છે અને કેવી હોવી જોઈતી હતી તે તફાવત તથા નાણાકીય સમસ્યા જાણી લેવી.
- તમારાં નાણાકીય આયોજનની રૂપરેખા તૈયાર કરવી - તમારાં આર્થિક જોખમ લેવાની ક્ષમતા કે વલણ જોઈને તે અનુસાર રોકાણ માટે ભલામણ કરવી.
- તમારાં નાણાકીય આયોજનનો અમલ કરવો - તમારાં આયોજનનું અવલોકન કરીને નાણાકીય આયોજનમાં ફરી સુધારોવધારો કરવો. આર્થિક પરિસ્થિતિ તથા તમારી બદલાતી જીવનશૈલી અનુસાર નાણાકીય આયોજન સુસંગત રહે તેની ખાતરી કરવી.

પહેલું પગલું: નાણાકીય માહિતી એકઠી કરવી.

નિખિલ: નાણાકીય આયોજનમાં મૂળભૂત આ પાંચ પગલાંનો સમાવેશ થાય છે. પહેલા પગલામાં તમારે જુદી-જુદી આવકના સ્રોતનું લિસ્ટ બનાવવાનું થાય છે. જો તમે એકલા જ કમાતા હો તો તમારી આવકનો સ્રોત તમારો મહિનાનો પગાર થાય છે. આ ઉપરાંત તમે પાર્ટટાઈમ ધંધો કરતા હોય તો તે ધંધામાંથી થતો નફો તમારી આવકમાં ઉમેરવામાં આવશે. આવકનો સ્રોત વ્યક્તિદીઠ અલગ હોય છે. તમારે માટે તે આવક હાથખર્ચ

હોઈ શકે. રિટાયર્ડ વ્યક્તિ માટે આ પેન્શનની આવક કે રિટાયર્ડમેન્ટના આયોજનની આવક હોઈ શકે. એક વખત તમે જાણી લો કે તમારી મહિનાની આવક કેટલી છે પછી તમે કેટલો ખર્ચ કરી શકશો તે નક્કી થઈ શકશે અને કેટલી રકમનું રોકાણ કરી શકશો તે નક્કી કરી શકશો. બીજા શબ્દોમાં કહીએ તો તમારાં ખીસ્સામાં કેટલી રકમ છે તે જાણ્યા વગર તમે ખરીદી કરવાનું સાહસ ન કરી શકો.

શાંતનુંઃ આપણાં નાણાંનું આયોજન કરવું શા માટે અગત્યનું છે ?

નિખિલઃ જો તમે તમારાં નાણાંનું યોગ્ય આયોજન કરશો તો તમે તમારાં નાણાંને યોગ્ય સમયે વાપરી શકશો. જો તમે યોગ્ય આયોજન નહીં કરો તો તમારી જરૂરિયાત માટે નાણાં નહીં ફાળવી શકો. દાખલા તરીકે આજે મહિનાનો પહેલો દિવસ છે અને તમને તમારો પગાર મળી ગયો છે. તમે તમારું બધું ભંડોળ, કપડાં તથા બીજી નાનીમોટી ચીજવસ્તુ ખરીદવામાં વાપરી નાખ્યું છે. તો હવે પછી તમારી પાસે બીજા બિલ માટે ચૂકવવાના પૈસા ભાગ્યે જ બચ્યા હશે માટે બચતની આદત પાડવી એકદમ જરૂરી છે, નહીં તો તમને સારો પગાર મળતો હોવા છતાં તમારી મૂળભૂત જરૂરિયાત માટેના પૈસા પણ બચાવી નહીં શકો.

શાંતનુંઃ હું ખરેખર આ બાબત ધ્યાનમાં રાખું છું. હવે આગળ શું પગલાં લેવાં જોઈએ ?

બીજું પગલું: તમારાં ભવિષ્યની નાણાકીય જરૂરિયાતને ઓળખો.

શાંતનુંઃ રોકાણ માટેનું આયોજન કરતા પહેલાં દરેકે પોતાની ભવિષ્યની નાણાકીય જરૂરિયાતને જાણવી જોઈએ શું એ ખરું છે ?

નિખિલઃ નાણાકીય આયોજન કરતાં પહેલાં રોકાણ માટેનો હેતુ નક્કી કરવો આવશ્યક છે. તમારાં રોકાણનો હેતુ પ્રમાણે તમે તમારાં નાણાંનું કેવી રીતે સંચાલન કરવું તે નક્કી કરી શકશો, જેથી કરીને જ્યારે તમારાં લક્ષ્ય સિદ્ધ થવાના સમયે તમારી પાસે ધારેલું ભંડોળ એકઠું થાય, એ અનુસાર તમારે હાલમાં તમારાં ભવિષ્યના લક્ષ્ય માટે કેટલી બચત કરવી તે નક્કી કરી શકશો અને ભવિષ્યની જરૂરિયાત માટે બચત પર એટલું વળતર મેળવશો તે મુજબ ભવિષ્યની જરૂરિયાતને પહોંચી શકશો.

તમારાં રોકાણ માટેનું લક્ષ્ય ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું કે પછી લાંબા ગાળાનું હોઈ શકે. તમારાં ટૂંકા ગાળાના લક્ષ્યમાં એક વર્ષ પછી એમબીએ કરવાનું હોય કે પછી દ્વીચક્રી વાહન ખરીદવાનું હોઈ શકે. ટૂંકા ગાળાની વ્યાખ્યા પ્રમાણે તમારું લક્ષ્ય ત્રણ વર્ષમાં સિદ્ધ કરવાનું હોય. મધ્યમ ગાળાના લક્ષ્યમાં તમારાં લગ્ન માટેના ખર્ચ માટે પૈસા ભેગા કરવાના હોય કે તમારાં મા-બાપને ભેટ તરીકે વેકેશન ગાળવા માટેનો ખર્ચ આપવા હોય વગેરે. આ બધા લક્ષ્ય મધ્યમ ગાળાનાં કહેવા કે તે પાંચ વર્ષની અંદર સિદ્ધ કરવાનાં હોય. તમારાં લાંબા ગાળાના લક્ષ્યમાં તમારે નવું ઘર ખરીદવું હોય જે દરમિયાન પાંચ વર્ષ સુધી ભાડાના ઘરમાં રહેવાનું થતું હોય. આ પ્રત્યેક લક્ષ્ય માટે તારીખ નક્કી કરવી જોઈએ અને અંદાજિત રકમ પછી નક્કી કરવી જોઈએ.

પગલું ત્રીજું: તમારી નાણાકીય સમસ્યાને ઓળખો.

નિખિલ: આ તબક્કે એ જાણી લો કે તમારે કોઈ લોન ભરપાઈ કરવાની બાકી છે. કોઈને માસિક ઈન્સ્યુરન્સના પ્રીમિયમ ભરવાનાં હોઈ શકે. રિટાયરમેન્ટ પ્લાનના પ્રીમિયમ ભરવાના થતા હોય અથવા તો ઘર માટેની લોનના હપ્તા ભરવાના હોઈ શકે. તમારી જવાબદારી નક્કી કરવી ખાસ જરૂરી છે, જેથી કરીને આવક કરતાં જાવક વધી ન જાય અને તમારાં લોનના કે પ્રીમિયમના માસિક હપ્તા ભરવાનું ચૂકી ન જવાય. તમારે એ પણ જાણવું જરૂરી છે કે તમારો માસિક ખર્ચ કેટલો છે એટલે કે રેશન, કપડાં તથા વીજળી અને પાણીનાં બિલ પાછળ થતા ખર્ચની ગણતરી કરીને તે રકમ ચૂકવવા માટે અલગ ફાળવવી જોઈએ.

શાંતનું: ફક્ત આવકનો સ્રોત જ જાણવો પૂરતો નથી પણ તમારી જવાબદારી પણ જાણવી જોઈએ કેમ ખરું ને ?

નિખિલ: એકદમ સાચું. હું આ બાબત સરળ શબ્દોમાં જણાવું. ધારો કે તમારી પાસે પૈસા રાખવાની બેગ છે અને દરેક મહિનાની પહેલી તારીખે તમારો પગાર આવે તે બેગમાં મૂકો છો તે બેગ પૈસાથી ભરાઈ જાય છે.

આ પેસાની બેગ એ તમારી મૂકી છે. હવે મહિનાનો ખર્ચ જેવો કે ખાધા-ખોરાકીનો ખર્ચ, લોનના હપ્તા ભરવાના થાય વગેરે એ તમારી જવાબદારી છે. બેગમાં પૈસા આવે તે તમારી આવક છે અને લીધેલી સેવાના બદલામાં ચૂકવવા પડતા પૈસા બેગની બહાર જાય છે. જેમ તમારી ઉંમર વધતી જશે તેમ તમારી જવાબદારી પણ વધતી જશે. તમારે તમારાં પત્ની અને બાળકોની જવાબદારી લેવી પડશે.

ચોથું પગલું: નાણાકીય આયોજન કરવું.

નિખિલ: દરેક વ્યક્તિએ પોતાની આવક તથા જોખમ લેવાની શક્તિ પ્રમાણે વિચાર કરીને નાણાકીય આયોજન કરવું જોઈએ.

શાંતનું: તો આનો અર્થ એમ થયો કે નાણાકીય આયોજન તારા અને મારા માટે અલગ અલગ હોઈ શકે ?

નિખિલ: હા. એટલા માટે કે બે વ્યક્તિની આવક એકસમાન હોતી નથી અને તેમની અંગત જરૂરિયાતો પણ અલગ અલગ હોઈ શકે. નાણાકીય આયોજકે આ તફાવતની નોંધ લેવી જોઈએ અને તે અનુસાર રોકાણકારને રોકાણ માટેનું માર્ગદર્શન કરવું જોઈએ. જો તે બધા રોકાણકારને એકસમાન સમજે તો રોકણકાર તેની નાણાકીય જરૂરિયાતના લક્ષ્યને પહોંચી ન શકે અને નાણાકીય આયોજનનો મૂળભૂત ઉદ્દેશને સાધી ન શકે. ઉદાહરણ તરીકે તમે તમારાં નાણાકીય આયોજન માટે મારી મદદ માગો તો હું સર્વપ્રથમ તમારી આવક જોઈશ જે તમારો ખીસા ખર્ચ છે. જો કે તારી આવક રોકાણ કરવા માગતા વ્યક્તિઓની સરખામણીમાં ઘણી ઓછી છે માટે તને હું જે સૂચન કરું તે કમાતા માણસોને સૂચન કરું તે કરતાં ભિન્ન હશે. તારી જરૂરિયાત બીજા કરતાં જુદી

રહેવાની માટે તારી લાયકાત અનુસાર તારે રોકાણ કરવું જોઈએ. જે બાબત ઘણા રોકાણકારો સમજવામાં ભૂલ કરે છે. ઘણી વ્યક્તિઓ ઘણા વધારે નફાની લાલચમાં તેઓનું મોટા ભાગનું ભંડોળનું રોકાણ નીચા ગ્રેડની કંપનીઓમાં કરે છે, કારણ કે તેવી કંપનીઓએ ઊંચા નફાની લાલચ આપી હોય છે. માટે રોકાણકારે સમજી વિચારીને રોકાણ કરે તો કમાય છે નહીં તો પૈસા ગુમાવે છે. પ્રત્યેક વ્યક્તિની જોખમ લેવાની અલગ અલગ ક્ષમતા હોય છે માટે આ બાબત ધ્યાનમાં રાખીને રોકાણ માટેની પસંદગી કરવી જોઈએ.

શાંતનુઃ મને વ્યક્તિની જોખમ ઉઠાવવાની ક્ષમતા બાબત સમજાવશો ?

નિખિલઃ સારો સવાલ છે. જોખમ ઉઠાવવાની ક્ષમતા એટલે વ્યક્તિ રોકાણનું જોખમ ઉઠાવવા માટે કેટલો સક્ષમ છે. આ બાબત વ્યક્તિએ જુદી જુદી હોય છે. શ્રીમંત વેપાર કરતી વ્યક્તિ હોય અને મારી મહિનાની આવક લાખોમાં હોય તો મારે ઊંચું વળતર મેળવવા માટે થોડાક હજાર રૂપિયા ગુમાવવા પડે તો કોઈ રંજ નથી હોતો. જે વ્યક્તિ શ્રીમંત છે અથવા જેની આવક ઊંચી છે તેઓ બીજા કરતાં રોકાણ કરવામાં વધુ નીડર હોય છે. પણ જો હું મધ્યમ વર્ગનો વ્યક્તિ હોઉં તો મોટું નુકસાન સહન કરવાને માટે સક્ષમ નથી હોતો. એક શ્રીમંત વ્યક્તિ જેટલું વધુ જોખમ ઉઠાવી શકું નહીં. હું થોડાક સો રૂપિયાનું નુકસાન સહન કરી શકું. જો હું નિવૃત્ત વ્યક્તિ હોઉં તો મારી જોખમ ઉઠાવવાની ક્ષમતા જુદી હશે, કારણ કે મારે નિયમિત આવકની જરૂર હોય છે. મારે મારી દવાનાં બિલ ભરવાનાં હોય છે, મારી તંદુરસ્તી જાળવવા માટે સારા ખોરાકની જરૂર હોય છે તે માટે મારે નિયમિત આવકની જરૂર હોવાને કારણે જોખમ ઉઠાવવાનું ન ઈચ્છું. નીચાથી લઈને ઊંચા જોખમ ઉઠાવવાની ક્ષમતા વ્યક્તિદીઠ અલગ હોય છે. રીટાયર્ડ માણસ માટે જોખમ ઉઠાવવાની ક્ષમતા સાધારણ હોય છે, જ્યારે બિઝનેસ કરતાં વ્યક્તિની જોખમ ઉઠાવવાની ક્ષમતા ઘણી વધારે હોય છે પણ મધ્યમ વર્ગની વ્યક્તિની જોખમ ઉઠાવવાની ક્ષમતા મધ્યમ હોય છે. રોકાણ કરવા માટે જુદા જુદા રસ્તા હોય છે, જેમ કે શેર, નાણાં ધીરવાં, કોમોડિટી, ચલણ વગેરે આ બધી બાબતો સંપત્તિમાં રોકાણ કરી શકો છો. પ્રત્યેકમાં જોખમ તથા વળતર જુદાં જુદાં હોય છે. તમે તમારી જોખમ ઉઠાવવાની ક્ષમતા મુજબ રોકાણ કરી શકો છો.

પાંચમું પગલું: તમારાં નાણાકીય આયોજનનો અમલ

નિખિલઃ તમારું નાણાકીય આયોજન પત્ર તૈયાર કરીને આર્થિક વાતાવરણ અને તમારી બદલાતી જીવનશૈલીને અનુરૂપ છે કે કેમ તેનું અવલોકન કરીને તેમાં યથાયોગ્ય સુધારાવધારા કરીને તેને અંતિમ સ્વરૂપ આપવું જોઈએ.

શાંતનુઃ જેને પોર્ટફોલિયો મેનેજમેન્ટ કહેવામાં આવે છે તે આ છે !

નિખિલઃ રોકાણના સંપૂર્ણ યાદી પત્રને પોર્ટફોલિયો કહેવામાં આવે છે. ધારો કે તમારી પાસે ₹ ૧૦૦૦ છે અને તેમાંના ૫૦ ટકાની રકમ શેરમાં રોકાણ કરો છો અને બાકીની રકમ ડિબેન્ચર કે બોંડમાં રોકો છો. આ તમારાં સંપૂર્ણ રોકાણ જેની હાલની કિંમત ₹ ૧૦૦૦ છે તેને તમારો પોર્ટફોલિયો કહેવાય. તમારી સિક્યોરિટીનો ભાવ વધે અથવા ઘટે તે માર્કેટની ચાલ પર આધારિત છે, જેને કારણે તમારી સિક્યોરિટીના ભાવમાં બજારની ચાલ મુજબ બદલાતો રહે છે. હવેના દિવસોમાં રોકાણકારો વિવિધ પોર્ટફોલિયો મેનેજમેન્ટની સેવા આપતી સંસ્થાનો ઉપયોગ કરે છે. આ સંસ્થા રોકાણ માટે માર્ગદર્શન આપે છે. પ્રત્યેક સંપત્તિમાં વળતર અને જોખમ જુદાં જુદાં હોય છે.

નાણાકીય આયોજનની પ્રક્રિયામાં દરેક પગલાં બરાબરનું મહત્ત્વ રાખે છે. મોટા ભાગના રોકાણકારો સિક્યોરિટીનો ભાવ જોખમી સ્તર સુધી પહોંચે છતાં તેમાં રોકાણ કરે છે પણ પછી પોતાના રોકાણ પર સતત

નજર રાખવાનું ટાળે છે. જો તમે તમારાં રોકાણ પર સતત નજર ન રાખો તો પછી ભલે તે ફાયદામાં હોય તો પણ કદાચ તમારું રોકાણ નુકસાની કરતું બની શકે. આમ સમયાંતરે તમારા પોર્ટફોલિયોનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ અને પરિસ્થિતિની માગ મુજબ પોર્ટફોલિયોમાં જરૂરી સુધારાવધારા કરવા જોઈએ. કદાચ શેરનું રોકાણ છેલ્લા ત્રિમાસિક ગાળામાં બરાબર વળતર ન આપતું હોય અને તમારાં પોર્ટફોલિયોના ૭૦ ટકા રોકાણ આ કંપનીના શેરમાં હોય તો તમારે આ પોર્ટફોલિયો જાળવી રાખવો જોઈએ નહીં, જ્યાં સુધી માર્કેટમાં તેજી આવે ત્યાં સુધી તમારે તમારું રોકાણ બીજી સંપત્તિમાં સ્થાનાંતર કરવું જોઈએ જેમ કે બોન્ડ જે ઓછું જોખમી છે.

૩. ચતુરાઈપૂર્વકનાં લક્ષ્ય

નાણાકીય આયોજનનું પહેલું મહત્ત્વનું પગલું બુદ્ધિપૂર્વકનું નાણાકીય લક્ષ્ય ઘડી કાઢવાનું છે. તમારું લક્ષ્ય સ્પષ્ટ, હેતુપૂર્વકનું, વાસ્તવિક સંપત્તિ મેળવવાના લક્ષ્યવાળું અને ચોક્કસ સમય અવધિ ધરાવતું ઉપરાંત તેની પર નજર રહે તેવું હોવું જોઈએ. ઘણી વ્યક્તિઓ સામાન્ય લક્ષ્ય ઘડી કાઢવામાં ભૂલ કરતી હોય છે. મોટે ભાગે લક્ષ્ય જેવું હોતું નથી ઉપરાંત સંપત્તિ કમાવવાના હેતુ વગરનું હોય છે.

હેતુ	લક્ષ્ય	ખોટી રીતે હાથ ધરવું	સાચી રીતે હાથ ધરવું
સ્પષ્ટ	ચોક્કસ તમારે શું જોઈએ છે અને ક્યારે જોઈએ છે એ બાબતમાં તમે સ્પષ્ટ હોવા જોઈએ	મારે એક વર્ષમાં કોલેજની ફી ભરવા માટે પૈસાની જરૂર પડશે	મારે કોલેજની ફી ભરવા માટે ₹ ૫૦,૦૦૦ બચાવવા જોઈએ.
માપી શકાય તેવો	તમારું લક્ષ્ય ચોક્કસ સમય અવધિ ધરાવતું હોવું જોઈએ તમે નક્કી કયા સમયે તમારું લક્ષ્ય હાંસલ કરવાના છો	મારા મિત્રોનું દેવું હું ચૂકવી દઈશ	મારા બે મિત્રોએ મને ₹ ૩૦૦૦ ઉછીના આપ્યા હતા તે આવતા ૬ મહિનામાં પરત કરી દઈશ.
લક્ષ્ય આપણી પહોંચમાં હોવું જોઈએ.	તમારું લક્ષ્ય વાસ્તવિક હોવું જોઈએ જેથી તમો લક્ષને તમારી સમય અવધિમાં હાંસલ કરી શકો	હું પૈસા બચાવીશ	હું દર મહિને ખોરાકી ખર્ચમાં કરકસર કરીશ તથા પાર્ટી આપવાનું બંધ કરીશ અને દર મહિને ₹ ૨૦૦૦ બચાવીશ.
વાસ્તવિક	તમારું લક્ષ્ય સંપત્તિ આધારિત વાસ્તવિક અને તમે યોગ્ય રીતે પૂરું કરી શકો તેવું હોવું જોઈએ	હું પૈસા બચાવીશ તો શ્રીમંત થઈ જઈશ	હું નિયમિત બચત કરીશ અને બધું દેવું ચુકવી દઈશ તો એક વર્ષમાં પુરતી બચત કરી લઈશ.
સમય અવધિ	જે લક્ષ્ય સમય અવધિ ધરાવતું હોય, તમારી પ્રગતિ પર નજર રાખી શકે, સિદ્ધ ન કરો ત્યાં સુધી ઉત્સાહ પ્રેરિત કરી શકે.	હું વાહન ખરીદવા માટે પૈસા બચાવીશ	હું વાહન ખરીદવા માટે પ્રત્યેક વર્ષ ₹ ૧૦,૦૦૦ આવતાં બે વર્ષ સુધી બચાવીશ.

૪. તમારા લક્ષ્યને કેવી રીતે સિદ્ધ કરશો ?

નિખિલ: હવે તે નાણાકીય આયોજનની વિવિધ પાસાની જાણકારી મેળવી. હવે તમારા થોડા લક્ષ્યને બોર્ડ પર લખીને સમજીએ કે તેને કેવી રીતે હાંસલ કરી શકાય. મને જણાવો કે તમારા ભવિષ્યનાં લક્ષ્ય કયા કયા છે ?

શાંતનું: સૌ પ્રથમ મારા અભ્યાસ માટે પૈસાની વ્યવસ્થા કરવાની છે અને ત્યાર પછી મારે દ્વિચક્રી વાહન ખરીદવું છે.

નિખિલ: તારા લક્ષ્ય ક્યારે હાંસલ કરવાના છે તે લખ. પછી તેને જુદા જુદા પ્રકારમાં વિભાજિત કરી શકાય.

ટેબલ૧: શ્રી શાંતાનુંના લક્ષ્ય ઉંમર: *૨૧ વર્ષ*

લક્ષ્ય	લક્ષ્યનો પ્રકાર	નામ	લક્ષ્ય હાંસલ કરવાની તારીખ	રકમ (₹ લાખમાં)
અભ્યાસ	ટૂંકા ગાળાનો	પોતે	૨૦૧૧	૦૫.૦૦
દ્વિચક્રી વાહન	મધ્યમ ગાળાનો	પોતે	૨૦૧૪	૦૦.૫૦
વેકેશન	મધ્યમ ગાળો	માતા-પિતા	૨૦૧૬	૧.૦૦
લગ્ન	લાંબો ગાળો	પોતે	૨૦૧૮	૧૦.૦૦
ઘર	લાંબો ગાળો	પોતે	૨૦૨૦	૬૦.૦૦

એક વાર તે આ નોંધ તૈયાર કરી ત્યાર પછી તું રોકાણ માટેનું આયોજન કરી શકે.

લક્ષ્ય	લક્ષ્યનો પ્રકાર	લક્ષ્ય હાંસલ કરવાની તારીખ	આયોજનનો અમલ કેવી રીતે કરવો
અભ્યાસ	ટૂંકા ગાળાનું	૨૦૧૨	ફી માટેનાં નાણાંની વ્યવસ્થા થોડીક તમારા બા-બાપુજી પાસેથી અને થોડીક લોન લઈને કરવી.
દ્વિચક્રી વાહન	મધ્યમ ગાળાનું	૨૦૧૫	૨૦૧૩થી તમે કમાવાની શરૂઆત કરશો તેમ ધારીએ તો તમે દર વર્ષે ૧૦,૦૦૦ની બચત કરી શકશો તો એ હિસાબે તમે ત્રણ વર્ષ પછી વાહન ખરીદવા જેટલી બચત કરી શકશો.
વેકેશન	મધ્યમ ગાળાનું	૨૦૧૮	તમે આ લક્ષ ધ્યાનમાં રાખીને વહેલી તકે આયોજન કરશો તો એ માટે શેર અને મ્યુચ્યુઅલ ફંડમાં યોગ્ય રીતે રોકાણ કરશો તો લક્ષ્ય પુરું કરવા પૂરતું વળતર મેળવી શકશો.
લગ્ન	લાંબા ગાળાનું	૨૦૨૦	તમે બોંડ, મ્યુચ્યુઅલ ફંડ, શેરમાં રોકાણ કરશો તો તમારા ખર્ચને પહોંચી વળવા માટે પૂરતું

			વળતર મેળવી શકશો.
ઘર	લાંબા ગાળાનું	૨૦૨૨	તમે ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂડીરોકાણ કરી શકો છો, જે તમને તમારા લક્ષ્ય માટે નાણાં અકબંધ રાખવામાં સહાય કરશે, જોકે આટલું પર્યાપ્ત નહીં હો એટલે તમારે અન્ય વિકલ્પો પ્રતિ નજર દોડાવવી જોઈએ.

૫. જોખમ સામે વળતર

દરેક વ્યક્તિની પોતાની જોખમ ઉઠાવવાની ક્ષમતા હોય છે. તમને જોખમ સામે વળતર મેળવવાનો આધાર તમે કેટલું જોખમ ઉઠાવી શકો છો તે પર આધાર રાખે છે. તમે વેપારી પેઢી શરૂ કરો તો તેમાં વધારે જોખમ રહેલું છે. જોખમ સામે વળતર આપતા ત્રણ પ્રકાર છે. તમારી મૂડીનો સ્રોત કયો છે અને કઈ રીતનું રોકાણ પસંદ કરો છો. જોખમ ઉઠાવવા માટેના પ્રકાર આ મુજબ છેઃ

(૧) સ્થિતિરક્ષકઃ આ પ્રકારમાં તમે તમારાં નાણાંનું ઓછામાં ઓછું જોખમ ઉઠાવવા માગો છો માટે તમે પોસ્ટઓફિસ ડિપોઝિટ સ્કીમ, બેંક ફિક્સ ડિપોઝિટ, સરકારી બોંડમાં રોકાણ કરવાનું પસંદ કરો છો.

(૨) મર્યાદિત જોખમીઃ આ પ્રકારના રોકાણ માટે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાનું પસંદ કરવામાં આવે છે.

(૩) આક્રમકઃ એટલે કે તમે ઊંચી જોખમવાળી યોજનામાં મૂડીનું રોકાણ કરવા માગો છો. શેરબજાર, કોમોડિટી બજાર આ પ્રકારમાં છે. આમાં વળતર મેળવવા માટે જુગાર જેવું જોખમ ઉઠાવી શકો છો.

મૂડી રોકાણ માટેનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે તે મુજબ તમારા વળતરનો આધાર તમે કેટલું જોખમ ઉઠાવો છો તે પર આધાર રાખે છે. જ્યારે તમે રોકાણ કર્યું હોય ત્યારે તમારા જોખમની બાબતમાં સજાગ રહેવું ઘણું મહત્ત્વનું હોય છે અને જોખમ ઘટાડવા જરૂરી પગલાં લેવાં જોઈએ. એક વખત તમે કોઈ પણ પ્રકારના જોખમમાં રોકાણ કરો ત્યાર પછી તમારે સતત તેની ઉપર નજર રાખવી જોઈએ અને તમે નુકસાનીની ગર્તામાં ન ઊતરી જાવ તે માટે વિવિધ બજારોમાં બનતી ઘટનાઓથી વાકેફ રહેવું જોઈએ. જ્યારે કોઈ સંપત્તિમાં (રોકાણમાં) અસાધારણ વળતર બતાવવામાં આવતું હોય ત્યારે તે રોકાણમાં વાસ્તવિક કેટલું સત્ય છે તે તપાસવું જોઈએ.

૬. ચક્રવૃદ્ધિની શક્તિ

રોકાણ બાબતમાં સમય એ અસરકારક બાબત છે. તમે રોકાણની ક્યારથી શરૂઆત કરો છો અને ક્યારે રોકાણમાંથી નીકળો છો એ સમય અવધિ પર વળતર આધાર રાખે છે. ચક્રવૃદ્ધિ દરે થતું રોકાણ ઘણી ધીરજ માગે છે અને ઘણું સારું વળતર આપે છે. સારું વળતર ત્યારે મળે જ્યારે તમારી મૂડી ચક્રવૃદ્ધિ દરે લાંબા સમય સુધી રહે. ચક્રવૃદ્ધિ દરનો અર્થ એવો થાય કે પાછલા સમયે મળેલી વ્યાજની રકમ પર પણ તમે વ્યાજ મેળવો છો. આપણે એક ઉદાહરણ જોઈએઃ

તમે તમારી ૨૫ વર્ષની ઉંમરથી ₹ ૫૦૦૦ દરેક મહિને વ્યાજે મૂકો છો તો ૧૦ ટકાના દરે, તમારી ઉંમર ૬૦ વર્ષની થઈ હશે ત્યારે તમારી પાસે રૂપિયા એક કરોડ (₹ ૧૦ મિલિયન) કે તેથી વધારે હશે. જો તમે ૪૦ વર્ષની ઉંમરથી સમાન રકમ સમાન દરે રોકાણ કરતા રહો તો તમારી રિટાયર્ડની ઉંમરે તમારી પાસે ₹ ૩૩ લાખ આસપાસની રકમ હશે.

ધારો કે તમે ₹ ૧૦૦ પાંચ વર્ષની સમય અવધિ માટે રોકો છો.

વર્ષ	રકમ ૧૦ ટકાના વ્યાજ દરથી	ફ્લોટિંગ (ચલત) દરથી વ્યાજનો દર	રકમ ફ્લોટિંગ (ચલત) દરથી
૧	૧૧૦	૧૦ ટકા	૧૧૦
૨	૧૨૧	૯ ટકા	૧૧૯.૯૦
૩	૧૩૩.૧૦	૧૨ ટકા	૧૩૩.૫૦
૪	૧૪૬.૪૧	૧૦ ટકા	૧૪૬.૮૫૦૮
૫	૧૬૧.૦૫	૯ ટકા	૧૬૦.૦૬

જુઓ કે ₹ ૧૦૦ ફિક્સ દરે વ્યાજે મૂક્યા છે તે પાંચ વર્ષની મુદતે ₹ ૧૬૧.૦૫ થયા છે. તમે ચલત દરથી પૈસા વ્યાજે મૂક્યા છે તેનું પરિણામ પણ સમાન છે. આ રીતે તમે પાંચ વર્ષની મુદતે ૬૦ ટકા વળતર મેળવી શકો છો.

આમ ચક્રવૃદ્ધિ દરે થતું રોકાણ એ એવું હથિયાર છે કે તમને તમારા રોકાણ પર લાંબા સમયાંતરે આશ્ચર્યજનક ફાયદો આપે છે. આ રીતે તમે જેમ વધારે લાંબા સમય માટે રોકાણ કરો તેમ વધારે વળતર મેળવી શકો છો. શા માટે નાણાકીય આયોજન મહત્ત્વનું છે તે આ બાબતથી સમજાય છે.

રિકરિંગ ડિપોઝિટ અને એસઆઈપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન) તમને આ રોકાણમાં મદદ કરે છે. ચક્રવૃદ્ધિ દરના વ્યૂહાત્મક રોકાણની નિયમિત ચુકવણી માટે સીધા તમારા ખાતામાંથી પૈસા ચૂકવાઈ જાય તેની આગોતરી સૂચના બેંકને આપી શકો છો અથવા અગાઉથી ચુકવણીની તારીખ લખેલા ચેક આપી શકો છો.

૭. રોકાણ પર થતી ફુગાવાની અસર

ચીજ-વસ્તુ તથા સેવાના ભાવમાં થતા ભાવ વધારાને ફુગાવો કહે છે. ભાવ વધારો થવાથી તે ચીજ લેનારા લોકોની સંખ્યા ઘટી જાય છે, જેમ કે પેટ્રોલની ગુણવત્તામાં ફેરફાર થયા વગર તેનો ભાવ ₹ ૪૦થી વધીને ૪૫ થાય તે ભાવ ફરકને ફુગાવો કહે છે.

₹ ૫૦૦૦ પર ૧૦ ટકાના દરે એક વર્ષના સમયાંતરે તમે તમારા રોકાણ પર ₹ ૫૦૦નું વળતર મેળવો છો. જ્યારે ફુગાવાનો દર ૧૧ ટકા છે તો તમને ઊંચા ફુગાવાના દરને કારણે રોકાણ પર મળતું વળતર બંધ થઈ જાય છે. આથી તમે ખાતરી કરી લો કે તમને મળતું વળતર હંમેશા ફુગાવાના દરથી વધુ હોવું જોઈએ. તમારે પૈસા માટે સમયની શું કિંમત છે તે પણ સમજવું જોઈએ.

નાણાંની સમય કિંમત:

શાંતનું: હા. હું નાણાં માટે સમયની શું કિંમત હોય છે તે જાણું છું. મને યાદ છે કે અમારા રોકાણ બાબતના પ્રોફેસર આ બાબતમાં શું કહેતા હતા. આ બાબત સમજવા માટે તેઓ અમને એક કામ સોંપતા હતા. અમારા ઘરમાં જે ચીજ-વસ્તુઓનો વધુ વપરાશ થતો હોય તેની યાદી બનાવીને તેના આજના ભાવની નોંધ કરવી અને ભૂતકાળમાં પાંચ વર્ષ પહેલાં શું કિંમત હતી તેની નોંધ કરી અને બંને સમયના ભાવની સરખામણી કરી અને અમે જોયું કે હાલનો ભાવ ઘણો વધારો હતો.

નિખિલ: આ નાણાંની કિંમત ઘટવાનું કારણ સમયને કારણે છે. ૧૦ વર્ષ પહેલાં તમે ₹ ૧૦માં એક ભાણું જમી શકતા હતા. આજે તેટલી રકમમાં માંડ જરા અમસ્તું શાક ખરીદી શકો છો. આનો અર્થ એ થાય કે આજે ₹ ૧૦૦૦ની જેટલી કિંમત છે તેટલી કિંમત પાંચ વર્ષ પછી નહીં રહે. જો તમે ₹ ૧૦૦૦નું ૫ ટકાના વાર્ષિક દરે રોકાણ કરો તો એક વર્ષ પછી તમે ₹ ૧૦૫૦ મેળવશો. એટલે આજે મળેલા ₹ ૧૦૦૦ એ એક વર્ષ પછી મળેલા ₹ ૧૦૫૦ બરાબર છે. પોતાનાં નાણાંની કિંમત ઓછી ન થાય એટલા માટે લોકો નાણાંનું રોકાણ કરે છે. હવે હું અટકળ કરું છું કે તમે આ બાબત સમજી ગયા હશો કે શેર બજારમાં રોકાણ કરવું તે તાર્કિક રીતે ખોટું છે. તમારે એ પણ જાણવું જોઈએ કે ઉછીનાં નાણાં લેવા અને વાપરવા એ સહેલી બાબત નથી. જ્યારે તમે ઉછીનાં નાણાં લો છો ત્યારે તમે એ જવાબદારી સ્વીકારો છો કે તે લીધેલાં નાણાંની અસલ રકમ ઉપરાંત તેનું વ્યાજ પણ ચૂકવશો.

પ્રવૃત્તિ ૨ : વારંવાર વપરાતી ચીજની યાદી બનાવો અને તેની સામે આજની કિંમત લખો અને ૧૦ વર્ષ પહેલાંની કિંમત લખો અને બન્ને કિંમતોની સરખામણી કરી જુઓ. જુઓ કે ૧૦ વર્ષની સમય અવધિમાં કિંમતમાં કેટલો ફેરફાર થયો.

નાણાંની સમય કિંમત

વસ્તુ	ભાવ ૨૦૦૧-૦૨	ભાવ ૨૦૦૯-૧૦	ટકા ફુગાવામાં વધારો
ખાંડ (૧ કિલો)	૧૬.૦૦	૪૦.૦૦	૧૫૦.૦૦ ટકા
તેલ (૫ લિટર)	૨૯૦.૦૦	૫૦૦.૦૦	૭૨.૪૧ ટકા
સોનું (૧૦ ગ્રામ)	૪૪૭૪.૦૦	૧૭૧૩૮.૦૦	૨૮૩.૦૬ ટકા
ચાંદી (૧ કિલો)	૭૮૬૮.૦૦	૨૮૩૪૫.૦૦	૨૬૦.૨૬ ટકા
ચોખા (૧ કિલો)	૧૪.૦૦	૩૫.૦૦	૧૫૦.૦૦ ટકા
ઘઉં (૧ કિલો)	૧૦.૦૦	૩૦.૦૦	૨૦૦.૦૦ ટકા
પેટ્રોલ (૧ લિટર)	૩૩.૪૬	૪૮.૮૩	૪૫.૯૪ ટકા
ડીઝલ (૧ લિટર)	૧૯.૮૮	૩૬.૭૪	૮૪.૮૧ ટકા

સ્રોત: સોના-ચાંદીના ભાવો માટે – આરબીઆઈ, અન્ય કોમોડિટીઝનાં ભાવ વેબ સ્રોતોમાંથી પ્રાપ્ત અંદાજિત ભાવો છે.

દાખલો ૨: તમારે ૨૦ વર્ષ પછી ઘર ખરીદવું છે તો તમારે દરેક મહિને અલગ અલગ વ્યાજ દરથી તથા અલગ અલગ ઘર ખરીદવા માટેની રકમના લક્ષ્યથી પ્રત્યેક મહિને કેટલું રોકાણ કરવું જોઈએ તે માહિતી દર્શાવતું ટેબલ બનાવો.

ઘર ખરીદવા માટેનું બજેટ/ વ્યાજ દર	૫૦,૦૦,૦૦૦	૬૦,૦૦,૦૦૦	૭૦,૦૦,૦૦૦	૯૦,૦૦,૦૦૦	૧૦,૦૦,૦૦૦	૫૦,૦૦,૦૦૦
૬%	૧૦,૯૭૩.૪૪	૧૩,૧૬૮.૧૨	૧૫,૩૬૨.૧૨	૧૭,૫૫૭.૮૧	૧૯,૭૫૨.૧૯	૨૧,૯૪૬.૮૭
૮%	૮,૭૩૧.૧૮	૧૦,૪૭૭.૪૨	૧૨,૨૨૩.૬૬	૧૩,૯૬૯.૮૯	૧૫,૭૧૬.૧૩	૧૭,૪૬૨.૩૭
૧૦%	૬,૯૦૬.૨૦	૮,૨૮૭.૪૪	૯,૬૬૮.૬૯	૧૧,૦૪૯.૯૩	૧૨,૪૩૧.૧૭	૧૩,૮૧૨.૪૧
૧૨%	૫,૪૩૫.૬૩	૬,૫૨૨.૭૫	૭,૬૦૯.૮૮	૮,૬૯૭.૦૦	૯,૭૮૪.૧૩	૧૦,૮૭૧.૨૫
૧૫%	૩,૭૬૭.૬૯	૪,૫૨૧.૨૩	૫,૨૭૪.૭૬	૬,૦૨૮.૩૦	૬,૭૮૧.૮૪	૭,૫૩૫.૩૮

દાખલો ૨: તમારા મા-બાપ નિવૃત્ત થાય ત્યારે તેમને તેમના પ્રત્યેક મહિનાના નિયમિત ખર્ચ માટે અમુક રકમ વ્યાજે મૂકવી છે. વ્યાજનો દર ૭ ટકા તથા ૫ ટકા ફુગાવાને હિસાબે નિવૃત્ત થવાની અલગ અલગ મુદતે તથા મહિનાનો અલગ અલગ ખર્ચ ધારીને એક માહિતી ટેબલ બનાવો.

માસિક ખર્ચ / નિવૃત્તિ માટેનાં બાકી વર્ષ	૧૦,૦૦૦	૧૨,૦૦૦	૧૫,૦૦૦	૧૮,૦૦૦	૨૦,૦૦૦	૨૫,૦૦૦
૫	૫,૭૩,૦૮૧.૭૬	૬,૮૭,૬૯૮.૧૨	૮,૫૯,૬૨૨.૬૪	૧૦,૩૧,૫૪૭.૧૭	૧૧,૪૬,૧૬૩.૫૩	૧૪,૩૨,૭૦૪.૪૧
૧૦	૧૦,૯૪,૬૯૧.૪૭	૧૩,૧૩,૬૨૯.૭૭	૧૬,૪૨,૦૩૭.૨૧	૧૯,૭૦,૪૪૪.૬૫	૨૧,૮૯,૩૮૨.૯૫	૨૭,૩૬,૭૨૮.૬૮
૧૫	૧૫,૬૯,૪૫૨.૧૬	૧૮,૮૩,૩૪૨.૫૯	૨૩,૫૪,૧૭૮.૨૪	૨૮,૨૫,૦૧૩.૮૯	૩૧,૩૮,૯૦૪.૩૨	૩૯,૨૩,૬૩૦.૪૦
૨૦	૨૦,૦૧,૫૭૧.૬૨	૨૪,૦૧,૮૮૫.૯૫	૩૦,૦૨,૩૫૭.૪૩	૩૬,૦૨,૮૨૮.૯૨	૪૦,૦૩,૧૪૩.૨૪	૫૦,૦૩,૯૨૯.૦૫
૨૫	૨૩,૯૪,૮૭૯.૭૪	૨૮,૭૩,૮૫૫.૬૮	૩૫,૯૨,૩૧૯.૬૧	૪૩,૧૦,૭૮૩.૫૩	૪૭,૮૯,૭૫૯.૪૭	૫૯,૮૭,૧૯૯.૩૪

દાખલો ૩: તમારે પ્રત્યેક મહિને કેટલું રોકાણ કરવું જોઈએ જેથી કરીને તમારા લક્ષ્યને સિદ્ધ કરી શકો________

ગણતરીના હેતુસર તમારું લક્ષ્ય ₹ ૧૦ લાખની બચત કરવાની છે. જો ₹ ૨૦ લાખનું લક્ષ્ય રાખવું હોય તો બચતની રકમને બમણી કરવી.

વ્યાજ દર / મુદત વર્ષ	૬ ટકા	૮ ટકા	૧૦ ટકા	૧૨ ટકા	૧૫ ટકા

૫	૧૪,૩૨૧.૭૨	૧૩,૬૨૧.૩૮	૧૨,૯૫૮.૧૧	૧૨,૩૨૯.૯૧	૧૧,૪૪૯.૨૪
૧૦	૬,૧૨૫.૦૪	૫,૫૧૬.૨૩	૪,૯૬૩.૮૨	૪,૪૬૩.૫૭	૩,૮૦૨.૦૨
૧૫	૩,૬૪૮.૫૧	૨,૯૪૩.૦૯	૨,૪૮૯.૯૧	૨,૧૦૧.૧૪	૧,૬૨૨.૪૧
૨૦	૨,૧૯૪.૬૯	૧,૭૪૬.૨૪	૧,૩૮૧.૨૪	૧,૦૮૭.૧૩	૭૫૩.૫૪
૨૫	૧,૪૭૧.૫૦	૧,૦૯૩.૦૯	૮૦૪.૪૦	૫૮૭.૪૭	૩૬૨.૭૭
૩૦	૧,૦૨૧.૧૮	૭૦૫.૪૧	૪૮૦.૯૩	૩૨૪.૫૭	૧૭૭.૫૬

મારે મારું જોખમ ઓછામાં ઓછું કરવા માટે શાં પગલાં લેવા જોઈએ ?

વૈવિધ્યકરણ

શાંતનું: શા માટે મારે વિધિ સંપત્તિમાં રોકાણ કરવું જોઈએ ? જો હું એક જ સંપત્તિમાં રોકાણ કરું તો મારે અલગ અલગ ખાતાંઓની જાળવણી ન કરવી પડે. એક જ પ્રકારની સંપત્તિમાં રોકાણ કર્યું હોય તો મારાથી તેની ઉપર બરાબર ધ્યાન આપી શકાય અને તે ઘણું સરળ પડે અને આ રીતે પોર્ટફોલિયો મેનેજરની ફી પણ બચાવી શકું.

નિખિલ: જ્યારે આપણે રોકાણ કરવા માગીએ ત્યારે એક બાબત હંમેશા લક્ષમાં રાખવી જોઈએ કે વિવિધ ક્ષેત્રમાં રોકાણ કરવાથી પ્રત્યેક ક્ષેત્રનો એક આગવો લાભ મેળવી શકીએ છીએ. તમે તમારી મૂડીનું રોકાણ વિવિધ ક્ષેત્રમાં વહેંચી દો તો તમારું જોખમ પણ વિવિધ ક્ષેત્રમાં વહેંચાઈ જાય છે અને એક સમતોલ પોર્ટફોલિયો બને છે. એ માટે હું તને એક દાખલો આપું. નિખિલ નીચે જણાવ્યા મુજબ વૈવિધ્યકરણનાં પગલાં લેવાનું જણાવે છે.

સંપત્તિનું રોકાણ	
મૂડી	₹ ૧૦,૦૦૦
શેરમાં રોકાણ	₹ ૩૫૦૦
બોંડ	₹ ૩૫૦૦
સોના-ચાંદીમાં રોકાણ	₹ ૩૦૦૦

નિખિલ: ધારો કે તમારી પાસે રોકાણ માટે ₹ ૧૦,૦૦૦ છે. આ માટે તમારે વિવિધ ક્ષેત્રની સંપત્તિમાં રોકાણ કરવું જોઈએ. તમારે ₹ ૩૫૦૦ શેરમાં રોકવા જોઈએ. બીજા ₹ ૩૫૦૦ સરકારી જામીનગીરી કે કંપનીના બોંડમાં રોકવા જોઈએ. બાકી ₹ ૩૦૦૦ સોના-ચાંદીમાં રોકવા જોઈએ. હવે ધારો કે કંપનીના શેરમાં કરેલા રોકાણે સારું પરિણામ ન આપ્યું તો શક્ય છે કે શેરમાં કરેલા રોકાણની મૂડીમાં ઘટાડો થઈ શકે પણ તમે બીજા ક્ષેત્રની સંપત્તિમાં રોકાણ કરેલું છે તો બીજા ક્ષેત્રના રોકાણના વળતરથી પહેલા ક્ષેત્રમાં થયેલા નુકસાનની ભરપાઈ થઈ જશે. વૈવિધ્યકરણનો આજ ફાયદો છે. વૈવિધ્યકરણને કારણે તમારા રોકાણનું જોખમ ઘટી જાય છે. જો બે સંપત્તિ એકબીજા સાથે સંકળાયેલી હોય તો એક સંપત્તિ તેની કિંમત ગુમાવતી હોય તો તે સંપત્તિ સાથે સંકળાયેલી બીજી સંપત્તિમાં એ જેટલા અંશે સંકળાયેલી હોય તે હિસાબે તે સંપત્તિમાં પણ ઘટાડો આવે છે. જો બન્ને સંપત્તિ એક જ દિશામાં જવા તરફી સંકળાયેલી હોય તો સમાન પરિણામ આપે છે પણ જો બન્ને સંપત્તિ

પરસ્પરસ નકારાત્મક રીતે સંકળાયેલી હોય તો બન્ને એક બીજાથી વિરુદ્ધ દિશાનું પરિણામ દર્શાવે છે. રોકાણકારે પોતાની મૂડીનું વિવિધ સંપત્તિમાં રોકાણ એવા દૃષ્ટિકોણથી કરવું જોઈએ કે એક સંપત્તિમાં થતું નુકસાન બીજી સંપત્તિના નફા દ્વારા ભરપાઈ થઈ જાય. કોઈ પણ કંપનીમાં રોકાણ કરતાં પહેલાં કંપનીની પાયાગત નાણાકીય પરિસ્થિતિ કેવી છે તેનું પૃથક્કરણ કરીને પછી તે કંપનીમાં રોકાણ કરવું જોઈએ. જો કોઈ શેર બજારમાં રોકાણ કરવા ઈચ્છતું હોય તો તેણે સારી આગેવાન કંપની જેની નાણાકીય સ્થિતિ સારી હોય તેમાં રોકાણ કરવું જોઈએ. જે કંપનીની કાર્યશૈલી સમજાતી ન હોય તેવી કંપનીમાં રોકાણ કરવાથી દૂર રહેવું જોઈએ.

મૂડીની વહેંચણી

દરેક પ્રકારના મૂડી રોકાણમાં પોતાનાં જોખમ તથા વળતર હોય છે. શેરમાં કરેલું રોકાણ જોખમી હોય છે. કદાચ તેમાં રોકેલી બધી મુડી સાફ થઈ શકે છે. સરકારી બોંડ જોખમ વગરનાં માનવામાં આવે છે, કારણ કે સરકાર વ્યાજ ચૂકવવામાં ક્યારેય ચૂકતી નથી. શેમાં રોકાણ કરવું તે સમજવા માટે નાણાકીય આયોજનકર્તા તમને વિવિધ રોકાણ માટેની બાબતો જણાવશે અને તમારી મૂડી કેવી રીતે ફાળવવી તે સમજવામાં તમને મદદ કરશે. આને મૂડી વહેંચણી કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો હવે તમે નાણાકીય આયોજનનો અમલ કરી શકશો. મૂડીની વહેંચણી એ વિવિધ ક્ષેત્રમાં પૈસા રોકવાની એક કળા છે. આવક અને જોખમ લેવાની ક્ષમતા પ્રમાણે તમારે નાણાકીય સલાહકાર તે મુજબની સંપત્તિમાં રોકાણ કરવાનું જણાવશે. જ્યારે તમે તમારું ભંડોળ વિવિધ સંપત્તિમાં રોકાણ કરો છો તો એ જોવાનું મહત્ત્વનું છે કે તે વૈવિધ્યકરણથી ફાયદો થવો જોઈએ.

૮. બચત અને રોકાણ

બચત એટલે રોકડ રકમને સલામત રીતે અલગ રાખવી. જેમ કે બેંકનું બચત ખાતું. જ્યારે બીજી બાજુ રોકાણ એટલે વિવિધ નાણાકીય દસ્તાવેજ ખરીદવા, જેનું વળતર ભવિષ્યની કોઈ તારીખે મળવાનું છે. બચત અને રોકાણમાં તફાવત એ છે કે બચત એટલે રોકડને સાચવવી. જ્યારે રોકાણ તમારા ભંડોળનો ચોક્કસ સમયમાં વિકાસ કરે છે. ટૂંકા સમયની જરૂરિયાત માટે આપણે બચત કરવી જોઈએ. પણ લાંબા ગાળાના લક્ષ્યને સિદ્ધ કરવા માટે આપણે રોકાણ કરવું જોઈએ. બચત આપણી મૂળ પૂંજીને રક્ષે છે, જ્યારે રોકાણ આપણી રોકેલી રકમ પર વળતર આપે છે.

૯. લોન અને રોકાણ

પોતાનું નાણાકીય લક્ષ્ય લોન લઈને કોઈ રોકાણ કરવું તે બાબતમાં લોકો હંમેશા ગૂંચવાયેલા હોય છે. બન્ને વિકલ્પો જુદા જુદા છે અને તેનો લાભ ઉચિત રીતે લેવો જોઈએ. આ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવા યોગ્ય છે. આ તમારી નાણાકીય સધ્ધરતા અને બીજી બાબતો પર નિર્ભર રહે છે.

- તેનો આધાર તમારી નાણાકીય ક્ષમતા અને અન્ય પરિબળો પર નિર્ભર છે.
- ક્રેડિટ કાર્ડનું દેવું તથા પર્સનલ લોન ઘણી મોંઘી છે.

- ઓછા વ્યાજ દરની લોન જેમાં ટેક્સ બાદ થવાના ફાયદા મળતા હોય, જેવી કે ઘર માટેની લોન જે લેવી વધારે યોગ્ય છે. જો તમારી પાસે રોકાણ માટેનું આયોજન હોય, જેમાં સારું વળતર મળી શકતું હોય તો તમારે રોકાણનો વિકલ્પ પસંદ કરવો જોઈએ.
- તમારે એ વાતની ખાતરી કરવી જોઈએ કે મૂડીરોકાણ જોખમી ન હોય અને તે ગુમાવો તો તમારાં કુટુંબને તેની અસર ન થાય. દા.ત. તમે હાલનું દેવું ચૂકવવાને બદલે મોટી રકમ શેરબજારમાં રોકો તો એ ખૂબ જ જોખમકારક બાબત છે.

ક્રેડિટ કાર્ડની મૂળભૂત બાબતો અને તેનાં જોખમો:

શાંતનુંઃ હું ક્રેડિટ કાર્ડ લેવાનું વિચારતો હતો, શું તે લેવું યોગ્ય છે ?

નિખિલઃ તમારી ઉંમરના લોકો ક્રેડિટ કાર્ડ અંગે ખોટા ભ્રમમાં રાચતા હોય છે. તેઓ એમ વિચારતા હોય છે કે ક્રેડિટ કાર્ડ હોવું એક મોભાદાર દરજ્જો છે, કારણ કે તેના દ્વારા કોઈ સમયે ચુકવણી ઘણી સરળતાથી થઈ શકે છે. પણ તેઓ એ બાબત વીસરી જાય છે કે છેલ્લે તેમને તેના બિલની ચુકવણી કરવાની જ હોય છે.

ગેરફાયદાઃ

૧. ક્રેડિટ કાર્ડ દ્વારા થતી ખરીદીના બિલમાં વધારાના ચાર્જ લગાવવામાં આવતા હોય છે, જેમ કે વ્યાજ, સર્વિસ ચાર્જ વગેરે. લોકો ક્રેડિટ કાર્ડ લેતાં પહેલાં શરતો વાંચવાનું ભૂલી જાય છે.

૨. ક્રેડિટ કાર્ડ લોકોને હંમેશાં પોતાની ખરીદશક્તિ હોય તેથી વધારે ખર્ચ કરવા લલચાવે છે.

૩. પોતાની આવક વધુ બતાવવા માટે લોકો વધારે ક્રેડિટ કાર્ડ ધરાવવાનો ઝોક ધરાવે છે પણ અંતે દેવાના ડુંગર ખડકાઈને આવે છે.

ફાયદાઃ

૧. ક્રેડિટ કાર્ડ દ્વારા ખરીદી કરવાથી ઘણી બધી ભેટો મળે છે, જેવી કે ડિસ્કાઉન્ટ કૂપન, હોલિડે વાઉચર અને બીજી તરફ અનેક કૂપન મળે છે.

૨. રોકમ રકમ સાથે લીધા વગર મુસાફરી કરી શકાય છે.

૩. ક્રેડિટ કાર્ડની એક સરળ સવલત એ છે કે તેના દ્વારા રોકડ રકમ અગાઉથી ઉપાડી શકાય છે.

સાચી સલાહ એ છે કે દરેક જણે બચત કરતાં શીખવું જોઈએ અને પોતાનાં નાણાંનો હોંશિયારીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. હંમેશાં તમારા ખર્ચ પર અંકુશ રાખો. કોઈ પણ મૂળભૂત જરૂરિયાતની ચીજ સિવાયની કોઈ પણ ચીજની ખરીદી કરતાં પહેલાં બે વાર વિચારો. તારી ઉંમરના લોકો ઈલેક્ટ્રોનિક વસ્તુ ખરીદવા માટે તત્પર હોય છે અને શહેરમાં છેલ્લામાં છેલ્લી આવેલી ચીજ પર વધારે રસ દાખવે છે. પણ તમને એ બાબતનું ભાન નથી હોતું કે તે વસ્તુની કિંમત તમારા ખિસ્સાને પરવડે તેવી હોતી નથી તે તમારા બેંક ખાતાને એટલી હદે નિચોવી નાખે છે કે તમારા ભણતરના ખર્ચને પહોંચી વળતો નથી.

શાંતનુંઃ મારા સ્નાતકનું ભણાતર પૂરું કર્યા પછી મારે ભણતરની લોન પરત કરવાની હતી. હું આ બાબત બિલકુલ ભૂલી ગયો હતો.

નિખિલઃ મને આનંદ થયો તે મને ક્રેડિટ કાર્ડની અરજી કર્યા પહેલાં મને આ લોન બાબતની જાણ કરી. તારે માથે દેવું છે તો હજી શા માટે દેવું વધારે છે? આ પગલું તારી નાણાકીય સ્થિતિને સુધારશે નહીં. તારે આને બદલે રોકાણ કરવું જોઈએ જે તને લોન પરત કરવામાં મદદ કરશે. આ ઉપરાંત તારી ભવિષ્યની જરૂરિયાત સંતોષવામાં સહાય કરશે.

૧૦. બચતો અને મૂડીરોકાણ સંબંધિત પ્રોડક્ટ્સ

બેન્કો

બેન્ક ડિપોઝિટ્સ એ સલામત મૂડીરોકાણ છે, કારણ કે ભારતની ડિપોઝિટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરેન્ટી સ્કીમ હેઠળ તમામ બેન્ક ડિપોઝિટ્સ વધુમાં વધુ ₹ ૧,૦૦,૦૦૦ સુધીનું વિમા કવચ ધરાવે છે. બેન્કો નિયંત્રણને આધીન છે અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નિયમન કરવામાં આવે છે. તેઓ ગ્રાહકની જરૂરિયાતોને આધારે વિવિધ પ્રકારની ડિપોઝિટ ઓફર કરે છે. બેન્ક ડિપોઝિટસ તેમના વળતર કરતાં તેમની પ્રવાહિતા અને સલામતી માટે વધુ પસંદ કરવામાં આવે છે. ફિક્સ્ડ ડિપોઝિટ રિસિપ્ટ્સ સામે ડિપોઝિટ રકમની ૭૫-૯૦ ટકા સુધીની લોન મેળવવાનું શક્ય છે.

ડિપોઝિટના પ્રકાર અને મુખ્ય લક્ષણો

સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ (બચત બેન્ક ખાતું)

- લોકો દ્વારા અવારનવાર વપરાતું પ્રથમ બેન્કિંગ પ્રોડક્ટ
- નીચું વ્યાજ તેમ છતાં, ઊંચી પ્રવાહિતા
- ગ્રાહકોમાં બચતની આદત કેળવવા માટે યોગ્ય

બેન્ક ફિક્સ્ડ ડિપોઝિટ (બેન્ક એફડી)

- નિશ્ચિત વ્યાજ દરે નિર્ધારિત સમય (૩૦ દિવસથી ઓછા નહીં) માટે બેન્કમાં ફંડ મૂકવામાં આવે છે
- બેન્ક એફડી માટે આદર્શ મૂડીરોકાણ સમય ૬થી ૧૨ મહિનાનો છે, કારણ કે સામાન્યતઃ ૬ મહિનાથી ઓછી મુદતની બેન્ક એફડી પર વ્યાજ પણ લગભગ ઓછું હોવાની શક્યતા છે.
- સમય મર્યાદા મહત્ત્વની છે, કારણ કે વહેલો ઉપાડ દંડને પાત્ર બની શકે છે

રિકરિંગ ડિપોઝિટ એકાઉન્ટ

- પૂર્વ નિશ્ચિત મુદત માટે દર મહિને કેટલીક નિશ્ચિત રકમ જમા કરવામાં આવે છે
- સેવિંગ્સ બેન્ક એકાઉન્ટ કરતાં વધુ વ્યાજ મળે છે
- દર મહિને નિશ્ચિત રકમની બચતમાં મદદ કરે છે

સ્પેશિયલ બેન્ક ટર્મ ડિપોઝિટ સ્કીમ

- આ એક કર બચત યોજના છે, જે બેંક પાસે ઉપલબ્ધ છે
- ઈન્કમ ટેક્સના ૮૦સી સેકશન હેઠળ રાહત ઉપલબ્ધ છે
- પાંચ વર્ષની મુદતની ફિક્સ્ડ ડિપોઝિટ એ શિડ્યૂલ બેન્કમાં ફરજિયાત છે

સરકારી યોજનાઓ

કર બચત યોજનાઓ*

ભારત સરકારે આવક વેરો બચાવતી યોજનાઓ શરૂ કરી છે, જેમાં નીચેની યોજનાઓ પણ સમાવેશ થાય છેઃ

- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (એનએસસી)
- પબ્લિક પ્રોવિડંટ ફંડ (પીપીએફ)
- પોસ્ટ ઓફિસ સ્કીમ (પીઓએસ)

આ ઉપરાંત, મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા ઓફર કરવામાં આવતી ઈક્વિટી લિન્કડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ) અને નાણાકીય સંસ્થાઓ/બેન્કોના ઈન્ફ્રાસ્ટ્રકચર બોન્ડ્સ પણ કર લાભની ઓફર કરે છે.

મૂડીરોકાણમાંથી થતી આવક આવક વેરામાંથી બાદ મળે છે અને આ યોજનાઓમાં કરેલું મૂડીરોકાણ કેટલીક મર્યાદાને આધીન કરપાત્ર આવકમાંથી બાદ કરવામાં આવે છે.

નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સ (એનએસસી)

- જાણીતી આવક વેરા બચત યોજના જે, વર્ષભર ઉપલબ્ધ છે
- વ્યાજ દર ૮ ટકા
- ₹ ૧૦૦નું ઓછામાં ઓછું મૂડીરોકાણ અને ઉપલી મર્યાદા કોઈ નહીં
- પાકવાની મુદત ૬ વર્ષ
- ટ્રાન્સફર કરી શકાય અને આ સ્કીમના આધારે લોનની જોગવાઈ

પબ્લિક પ્રોવિડંટ ફંડ (પીપીએફ)

- વાર્ષિક ૮ ટકાનો વ્યાજ દર
- લઘુતમ રોકાણ મર્યાદા ₹ ૫૦૦ અને મહત્તમ ₹ ૭૦,૦૦૦
- પાકવાની મુદત ૧૫ વર્ષ

- એકાઉન્ટ ખોલાવ્યાની તારીખથી ત્રીજા નાણાકીય વર્ષમાં પ્રથમ લોન લઈ શકાય અને તે પણ પ્રથમ નાણાકીય વર્ષના અંતે જમા થયેલી રકમના ૨૫ ટકા સુધી. લોનની રકમ વધુમાં વધુ ૩૬ હપ્તામાં પરત કરી શકાય.
- વ્યક્તિ ૭મા વર્ષથી (૭ વર્ષ બાદ) દર વર્ષે રકમ (બેલેન્સના ૫૦ ટકાથી વધુ નહીં) ઉપાડી શકે.

પોસ્ટ ઓફિસ સ્કીમ (પીઓએસ)

- આ ઉત્તમ આવક વેરા બચત યોજનાઓમાંની એક છે.
- આ વર્ષભર ઉપલબ્ધ રહે છે.
- પોસ્ટ ઓફિસ સ્કીમ્સ મૂડીરોકાણના પ્રકાર અને પાકવાની મુદત પર આધાર રાખે છે, જે નીચે મુજબની શ્રેણીમાં વિભાજિત કરી શકાયઃ
    - મંથલી ડિપોઝિટ
    - સેવિંગ ડિપોઝિટ
    - ટાઈમ ડિપોઝિટ
    - રિકરિંગ ડિપોઝિટ

ઈક્વિટી લિન્કડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ)

- ડાઈવર્સિફાઈડ ઈક્વિટી ફંડની પ્રતિકૃતિ છે. જોકે, સેકશન ૮૦સી હેઠળ કર લાભ મળે
- ૩ વર્ષનો લોન-ઈન-પિરિયડ
- ડિવિડંડ પણ કરમુક્ત હોય છે
- આ યુનિટના વેચાણ પર લાંબા ગાળાના મૂડીનફાનો લાભ મેળવી શકાય, જેના પર કેપિટલ ગેઈન ટેક્સ ચુકવવાનો હોતો નથી.
- લઘુતમ (ઓછામાં ઓછું) મૂડીરોકાણ ₹ ૫૦૦ અને ત્યાર પછી તેના ગુણાંકમાં
- મૂડીરોકાણકાર પદ્ધતિસર મૂડીરોકાણ યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે

ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ્સ

- ૩ વર્ષનો લોક-ઈન-પિરિયડ
- ₹ ૨૦,૦૦૦ સુધીના મૂડીરોકાણ પર સેકશન ૮૮ હેઠળ કર લાભ
- પાકવાની મુદત પૂર્વે કોઈ પણ રિડમ્પ્શન કર છૂટથી વંચિત રાખે

કિસાન વિકાસ પત્ર (કેવીપી)

- આ સ્કીમમાં રોકેલાં નાણાં ૮ વર્ષ અને ૭ મહિનામાં બમણાં થાય છે
- લઘુતમ મૂડીરોકાણ મયાર્દા ₹ ૧૦૦ છે, ઉપલી મર્યાદા નહીં
- આ સ્કીમ વર્ષભર ઉપલબ્ધ હોય છે
- હાલમાં આ સ્કીમ હેઠળ મૂડીરોકાણ પર કોઈ કર લાભ નથી

** રોકાણકારોને આવકવેરાની છેલ્લામાં છેલ્લી અને અન્ય વિગતો સંબંધિત સ્રોતોમાં જોવાની સલાહ છે.*

બોન્ડ્સ

બોન્ડ એ એક પ્રકારની લોન છે, જે ખરીદદાર બોન્ડના ઈશ્યુઅરને આપે છે અને બદલામાં વ્યાજ મેળવે છે. કંપનીઓ, નાણાકીય સંસ્થાઓ અને સરકાર પણ બોન્ડ્સ ઈશ્યુ કરી શકે છે. ખરીદદારને વેચાણકર્તા પાસેથી વ્યાજની આવક મળે છે અને બોન્ડ પાકવાની નિર્ધારિત તારીખે ખરીદદારને બોન્ડની મૂળ રકમ પાછી મળે છે.

બોન્ડ્સના પ્રકાર

ટેક્સ-સેવિંગ બોન્ડ્સ (કર-બચત બોન્ડ્સ)

ટેક્સ-સેવિંગ બોન્ડ્સ સ્કીમ અને સરકારી જાહેરનામાના આધારે મૂડીરોકાણની નિર્દિષ્ટ રકમ સુધીની કર છૂટ ઓફર કરે છે. ઉદાહરણ નીચે મુજબ છેઃ

- ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ના સેકશન ૮૮ હેઠળ ઈન્ફ્રાસ્ટ્રકર બોન્ડ્સ
- ઈન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ના સેકશન ૫૪ ઈસી હેઠળ નાબાર્ડ/એનએચએઆઈ/આરઈસી બોન્ડ્સ
- આરબીઆઈ ટેક્સ રિલીફ બોન્ડ્સ

રેગ્યુલર ઈન્કમ બોન્ડ્સ

- રેગ્યુલર ઈન્કમ બોન્ડ્સ નિયમિત, પૂર્વનિશ્ચિત સમયાંતરે આવકનો સ્થિર સ્રોત પૂરો પાડે છે. ઉદાહરણ છેઃ
- ડબલ યોર મની બોન્ડ
- સ્ટેપ-અપ ઈન્ટરેસ્ટ બોન્ડ
- રિટાયરમેન્ટ બોન્ડ
- એન્કેશ બોન્ડ
- એજ્યુકેશન બોન્ડ
- મની મલ્ટીપ્લાયર બોન્ડ્સ
- ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ્સ

મુખ્ય વિશિષ્ટતાઓ

- ક્રિસિલ, ઈકરા, કેર, ફિચ ઈત્યાદિ સ્પેશિયલાઈઝ્ડ ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા રેટિંગ આપવામાં આવે છે. બોન્ડ્સ પરનું વળતર ક્રેડિટ (સલામતી) રેટિંગ સાથેના વ્યસ્ત પ્રમાણમાં બદલાય છે.
- નિયમિત આવક માટે યોગ્ય. બોન્ડના પ્રકારના આધારે છ મહિને, ત્રણ મહિને અથવા મહિને વ્યાજ મળે છે
- બોન્ડ્સ બંને પ્રાયમરી અને સેકન્ડરી માર્કેટમાં ઉપલબ્ધ છે
- બજાર ભાવનો આધાર મેચ્યુરિટીએ વળતર, પ્રવર્તમાન વ્યાજ દર અને ઈશ્યુઅરના રેટિંગ પર છે.
- વ્યક્તિ આ બોન્ડ્સ બેન્કમાં ગીરવે મૂકી તેની સામે ઉધાર લઈ શકે છે
- લઘુતમ મૂડીરોકાણ ₹ ૫૦૦૦થી ₹ ૧૦,૦૦૦નું હોય છે.
- સમયગાળો સામાન્યતઃ પાંચ અને સાત વર્ષની વચ્ચેનો હોય છે
- ડીમેટ ફોર્મમાં ધારણ કરી શકાય છે

ડિબેન્ચર્સ

ડિબેન્ચર્સની

મુખ્ય ખાસિયતો

- બોન્ડ્સની જેમ જ વિવિધ મેચ્યુરિટી સાથેના ફિક્સ્ડ રેટ ડેટ ઈન્સ્ટ્રમેન્ટ્સ છે, પરંતુ કંપનીઓ દ્વારા ઈશ્યુ કરવામાં આવે છે
- પ્રાઈવેટલી પ્લેસ્ડ કરાય છે અથવા સબસ્ક્રિપ્શન માટે ઓફર કરાય છે
- સ્ટોક એકસચેન્જ પર લિસ્ટેડ હોય અથવા ન પણ હોય. જો તે સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ કરવામાં આવ્યાં હોય તો લિસ્ટિંગ પૂર્વે સેબી દ્વારા નિયુક્ત ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા તેમને રેટિંગ મળ્યું હોવું જોઈએ.
- મેચ્યુરિટી પિરિયડ સામાન્યપણે ૩થી ૧૦ વર્ષ સુધીનો હોઈ શકે.

ડિબેન્ચર્સના પ્રકાર

- વિવિધ પ્રકારના ડિબેન્ચર્સ ઓફર કરી શકાય છે, જે નીચે મુજબ છેઃ
- નોન કન્વર્ટિબલ ડિબેન્સર્ચ (એનસીડી) - ઈશ્યુઅર દ્વારા પૂર્ણ રકમ રિડીમ કરવામાં આવે છે
- પાર્શિયલી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (પીસીડી) - એક ભાગ રિડીમ કરવામાં આવે છે અને બાકીનો ભાગ ઈક્વિટી શેર્સમાં રૂપાંતર કરાય છે, જેમાં મૂડીરોકાણકારને વિકલ્પ આપ્યો હોય અથવા ન પણ આપ્યો હોય.
- ફુલ્લી કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એફસીડી) - સંપૂર્ણ મૂલ્યનું ઈક્વિટીમાં રૂપાંતર થાય છે. રૂપાંતરણની કિંમત (કન્વર્ઝન પ્રાઈસ) ડિબેન્ચર્સ ઈશ્યુ કરતી વખતે જણાવવામાં આવે છે.

કંપની ફિક્સ્ડ ડિપોઝિટ્સ

મુખ્ય ખાસિયતો

- કંપની દ્વારા ઓફર કરાતી ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ. બેંક ડિપોઝિટ જેવી જ છે
- નાના રોકાણકારો પાસેથી નાણાં ઉછીનાં લેવા કંપની દ્વારા આનો ઉપયોગ થાય છે
- મૂડીરોકાણની મુદત સંભાળપૂર્વક પસંદ કરવી જોઈએ, કારણ કે મોટાભાગની એફડી મુદત પૂર્ણ થયા પહેલાં વટાવી શકાતી નથી.
- બેન્ક ડિપોઝિટ જેટલી સલામત નથી. કંપની ડિપોઝિટ્સ 'અનસિક્યોર્ડ' છે
- બેન્ક એફડી કરતાં ઊંચું વળતર ઓફર કરે છે, કારણકે તેમની સાથે વધુ જોખમો સંકળાયેલાં છે.
- તેમની સલામતી માટે રેટિંગ માર્ગદર્શક બની શકે.

મ્યુચ્યુઅલ ફંડ્સ

મ્યુચ્યુઅલ ફંડ ઘણા રોકાણકારો પાસેથી નાણાં એકત્ર કરે છે અને આ નાણાં સ્ટોક્સ, બોન્ડ્સ, શોર્ટ ટર્મ મની-માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, અન્ય સિક્યુરિટીઝ અથવા અસ્ક્યામતોમાં અથવા આ ઈન્વેસ્ટમેન્ટનાં કેટલાંક સંયોજનમાં રોકે છે. મ્યુચ્યુઅલ ફંડની માલિકીનું મિશ્રિત હોલ્ડિંગ પોર્ટફોલિયો તરીકે ઓળખાય છે. દરેક યુનિટ ફંડ્સના હોલ્ડિંગ્સની રોકાણકારની પ્રમાણસરની માલિકી અને તેના પર થતી કમાણીનું પ્રતિનિધિત્વ કરે છે.

મ્યુચ્યુઅલ ફંડ્સની વિશિષ્ટતાઓ

- પ્રોફેશનલ મેનેજમેન્ટ - નાણાં ફંડ મેનેજરો મારફત રોકવામાં આવે છે
- વૈવિધ્યીકરણ (ડાઈવર્સિફિકેશન) - ડાઈવર્સિફિકેશન એ એક મૂડીરોકાણનો વ્યૂહ છે જેને ટૂંકમાં એમ કહી શકાય કે ''એક જ ટોપલીમાં બધાં ઈંડાં ન રાખો''. વ્યક્તિગત સ્ટોક અથવા બોન્ડ્સની માલિકીને બદલે મ્યુચ્યુઅલ ફંડમાં માલિકીનો ભાગ ધરાવવાથી જોખમ ફેલાય જાય છે (વહેંચાઈ જાય છે.)
- ઈકોનોમી ઓફ સ્કેલ - મ્યુચ્યુઅલ ફંડ્સ એક સમયે મોટા પ્રમાણમાં સિક્યુરિટીઝ ખરીદે અને વેચે છે, એટલે વ્યવહાર ખર્ચ પણ સિક્યુરિટીઝ માટે વ્યક્તિ દ્વારા ચૂકવાતા ખર્ચથી ઓછો આવે છે.
- તરલતા - વ્યક્તિ ગત શેર્સની માફક જ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ બજારમાં વેચીને તેનું નાણાંમાં રૂપાંતર કરી શકાય છે.
- સરળતા - મ્યુચ્યુઅલ ફંડ ખરીદવાનું સરળ છે. ઘણી બેન્કોએ તેમનાં પોતાના મ્યુચ્યુઅલ ફંડ્સ સ્પોન્સર કર્યાં છે અને લઘુતમ મૂડીરોકાણની રકમ નાની છે
- મ્યુચ્યુઅલ ફંડ્સમાં મૂડીરોકણ કરતાં પહેલાં મૂડોરાકાણકારો એ ઉપરોક્ત દરેક વિશિષ્ટતાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

મ્યુચ્યુઅલ ફંડ્સના પ્રકાર

દરેક મ્યુચ્યુઅલ ફંડ પાસે પૂર્વનિશ્ચિત મૂડીરોકાણ લક્ષ્ય હોય છે જે ફંડ્સની અસ્ક્યામતો, મૂડીરોકાણના પ્રદેશ અને મૂડીરોકાણના વ્યૂહને તદાનુસારના બનાવે છે. મૂળભૂત સ્તરે, મ્યુચ્યુઅલ ફંડ્સના ત્રણ પ્રકાર છેઃ

- ઈક્વિટી ફંડ્સ (સ્ટોક્સ - શેર્સ)
- ફિક્સ્ડ-ઈન્કમ ફંડ્સ (બોન્ડ્સ)
- મની માર્કેટ ફંડ્સ

તમામ મ્યુચ્યુઅલ ફંડ્સ આ અસ્કયામત વર્ગના વિવિધ સ્વરૂપે છે. દા.ત. ઝડપથી વૃદ્ધિ પામતી કંપનીઓમાં મૂડીરોકાણ કરનારા ઈક્વિટી ફંડ્સ ગ્રોથ ફંડ્સ કહેવાય છે, જ્યારે માત્ર સમાન ક્ષેત્ર અથવા પ્રદેશની કંપનીઓમાં મૂડીરોકાણ કરનારાં ઈક્વિટી ફંડ્સ સ્પેશિયાલિટી ફંડ્સ તરીકે ઓળખાય છે.

ફંડ પાકવાની તારીખ(મેચ્યુરિટી ડેટ)ના આધારે મ્યુચ્યુઅલ ફંડ્સનું વર્ગીકરણ ઓપન-એન્ડેડ અને ક્લોઝ્ડ-એન્ડ તરીકે પણ કરી શકાય છે.

ઓપન-એન્ડેડ ફંડ્સ

- ઓપન-એન્ડેડ ફંડ્સ મેચ્યુરિટી ડેટ ધરાવતાં નથી.
- મૂડીરોકાણકારો એસેટ મેનેટમેન્ટ કંપની (એએમસી) પાસેથી/ને તેમની મ્યુચ્યુઅલ ફંડ ઓફિસ અથવા તેમના ઈન્વેસ્ટર સર્વિસ સેન્ટર (આઈએસસી) અથવા સ્ટોક એક્સચેન્જ મારફત ઓપન-એન્ડેડ ફંડના યુનિટ્સ ખરીદી અને વેચી શકે છે.
- મ્યુચ્યુઅલ ફંડમાં જે ભાવે ખરીદી અને રિડમ્પશન વ્યવહારો થાય છે તે ભાવ ફંડની નેટ એસેટ વેલ્યુ (એનએવી) પર આધારિત હોય છે.

ક્લોઝ્ડ-એન્ડ ફંડ્સ

- ક્લોઝ્ડ-એન્ડ ફંડસ ચોક્કસ સમય માટે ચાલે છે
- નિર્દિષ્ટ મેચ્યુટરિટી તારીખે, તમામ યુનિટ્સ રિડીમ કરાય છે અને યોજના બંધ થાય છે.
- તરલતા પૂરી પાડવા માટે યુનિટ્સ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ હોવા જોઈએ.
- મૂડીરોકાણો શેર બજારમાં પ્રવર્તમાન ભાવે તેઓની વચ્ચે યુનિટ્સ વેચે અને ખરીદે છે.

મની માર્કેટ ફંડ્સ

- એકદમ ટૂંકી મુદતનાં આવકનાં સાધનોમાં મૂડીરોકાણ કરે છે
- વળતર કદાચ ખૂબ ઊંચું ન હોય, પરંતુ મુદ્દલ સલામત છે
- બચત ખાતા કરતાં વધુ સારા વળતરની ઓફર કરે છે, પરંતુ પ્રવાહિતા સાથે સમાધાન કર્યા વિના ફિક્સ્ડ ડિપોઝિટ કરતાં ઓછું વળતર

બોન્ડ/ઈન્કમ ફંડ્સ

- સ્થિરતાના ધોરણે વર્તમાન આવક પૂરી પાડવાનો હેતુ
- મુખ્યત્વે સરકારી અને કોર્પોરેટ ડેટમાં મૂડીરોકાણ કરે છે
- ફંડ હોલ્ડિંગના મૂલ્યમાં કદાચ વધારો થાય, પરંતુ આ ફંડ્સનો મુખ્ય હેતુ મૂડીરોકાણકારોને સ્થિર રોકડ પ્રવાહ પૂરો પાડવાનો છે

બેલેન્સ્ડ ફંડ્સ (સમતોલ ભંડોળ)

- સલામતી, આવક અને મૂડી વધારાનું સમતોલ મિશ્રણ પૂરું પાડવાનો ધ્યેય
- ફિક્સ્ડ આવક અને ઈક્વિટીઝના સંયોજનમાં મૂડીરોકાણ કરવાનો વ્યૂહ

ઈક્વિટી ફંડ્સ

- શેર્સ અને સ્ટોક્સમાં મૂડીરોકાણ કરે
- મ્યુચ્યુઅલ ફંડના સૌથી મોટા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે
- મૂડીરોકાણનો હેતુ કેટલીક આવક સાથે લાંબા ગાળે મૂડીવૃદ્ધિ
- મૂડીરોકાણના હેતુના વિવિધ પ્રકારોને કારણે ઈક્વિટી ફંડના ઘણા જુદા જુદા પ્રકારો

વિદેશી/આંતરરાષ્ટ્રીય ફંડ્સ

- આંતરરાષ્ટ્રીય ફંડ (અથવા વિદેશી ફંડ) વતન રાષ્ટ્રની બહાર હોય એવી કંપનીની ઈક્વિટીમાં મૂડીરોકાણ કરે છે

ક્ષેત્રીય ફંડ્સ

- આ ફંડનું લક્ષ્ય અર્થતંત્રના ચોક્કસ ક્ષેત્ર છે જેમ કે આર્થિક, ટેક્નોલોજી, આરોગ્ય ઈત્યાદિ

ઈન્ડેક્સ ફંડ્સ

- આ પ્રકારનાં મ્યુચ્યુઅલ ફંડ્સ વિશાલ બજાર ઈન્ડેક્સ જેમ કે સેન્સેક્સ અથવા નિફ્ટીની કામગીરીની પ્રતિકૃતિ દર્શાવે છે.
- ઈન્ડેક્સ ફંડ માત્ર બજારના વળતરની પ્રતિકૃતિ દર્શાવે છે અને મૂડીરોકાણકારોને ઓછી ફીના સ્વરૂપમાં લાભ આપે છે

ઈક્વિટી શેર્સ

સામાન્ય અને પસંદગીના શેરના ધારકોનો કંપનીની માલિકીમાં હિસ્સો.

શેર બજાર એ નક્કી કરેલી કિંમતે કંપનીના શેર્સના ટ્રેડિંગ માટેનું જાહેર બજાર છે; આ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થયેલી સિક્યુરિટીઝ છે.

આ શેર્સનું સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટિંગ અને ટ્રેડિંગ થાય છે, જે સેકન્ડરી માર્કેટમાં સ્ટોકની ખરીદી અને વેચાણની સગવડ પૂરી પાડે છે. બીએસઈ તરીકે જાણીતું ધ સ્ટોક એક્સચેન્જ મુંબઈ અને એનએસઈ તરીકે જાણીતું નેશનલ સ્ટોક એક્સચેન્જ એ ભારતમાં મુખ્ય સ્ટોક એક્સચેન્જો છે. સ્ટોક એક્સચેન્જનું કામ ખરીદદાર અને વેચાણકાર વચ્ચે સિક્યુરિટીઝના ટ્રેડિંગને સરળ બનાવવાનું છે, આમ બજાર પૂરી પાડે છે. બીજા મૂડીરોકાણોની સરખામણીએ ઈક્વિટીમાં મૂડીરોકાણ વધુ જોખમભર્યું અને નિશ્ચિતપણે વધુ સમય માગનારું છે.

ઈક્વિટીમાં બે પ્રકારે મૂડીરોકાણ થઈ શકે છેઃ

- પ્રાઈમરી માર્કેટ મારફત (જનતાને ઓફર કરાતા શેર્સ માટે અરજી કરીને)
- સેકન્ડરી માર્કેટ મારફત (સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થયેલા શેર્સ ખરીદીને)

પ્રથમ બજારોને સમજ્યા બાદ, યોગ્ય કંપની, શેર અને ભાવની પસંદગી કરવા વિશે જાણવું પણ મહત્ત્વનું છે. થોડું સંશોધન, વૈવિધ્યીકરણ અને યોગ્ય નિરીક્ષણ રોકાણકાર માટે સારું વળતર સુનિશ્ચિત કરે છે.

ડિપોઝિટરી સિસ્ટમ

શેર્સમાં મૂડીરોકાણ કરવા, 'શેર્સનું ડીમટિરિયલાઈઝેશન' શું છે એ સમજી લેવું જરૂરી છે, કારણ કે મોટા ભાગના શેર્સ હવે ''ડીમેટ'' સ્વરૂપમાં હોય છે. અગાઉ ફિઝિકલ (નક્કર) શેર સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવતાં હતાં, જે હવે ઈલેક્ટ્રોનિક ફોર્મમાં (વિજાણું સ્વરૂપમાં) પરિવર્તિત કરવામાં આવ્યાં છે. આ માટે, ડિપોઝિટરી સિસ્ટમને સમજવાનું આવશ્યક બને છે.

ડિપોઝિટરી એ એવી સંસ્થા છે, જે મૂડીરોકાણકારોએ રજિસ્ટર્ડ ડિપોઝિટર પાર્ટિસિપન્ટ મારફત કરેલી વિનંતીને ધ્યાનમાં રાખી મૂડીરોકાણકારની સિક્યુરિટીઝ (જેમ કે, શેર્સ, ડિબેન્ચર્સ, બોન્ડ્સ, સરકારી સિક્યુરિટીઝ, મ્યુચ્યુઅલ ફંડ યુનિટ ઈત્યાદિ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ધારણ કરે છે. તે સિક્યુરિટીઝમાં વ્યવહારો સંબંધિત સેવાઓ પણ પૂરી પાડે છે. તેની સરખામણી બેન્ક સાથે થઈ શકે , જે ડિપોઝિટરોના ભંડોળને ધારણ કરે છે.

હાલમાં બે ડિપોઝિટરીઝ નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝિટરી લિ. (એનએસડીએલ) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સિસ્ટમ્સ (ઈન્ડિયા) લિ. (સીડીએસએલ) છે, જે સેબીમાં રજિસ્ટર્ડ થયેલી છે.

ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) એ ડિપોઝિટરીનો એક એજન્ટ છે, જેના મારફત તે મૂડીરોકાણ સાથે સંપર્કમાં આવે છે અને ડિપોઝિટરી સેવાઓ પૂરી પાડે છે. જાહેર નાણાકીય સંસ્થાઓ, શિડ્યૂલ્ડ કમર્શિયલ બેન્કો, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મંજૂરી સાથે ભારતમાં કામકાજ કરતી વિદેશી બેન્કો, રાજ્ય નાણાકીય નિગમો, કસ્ટોડિયન્સ, શેરબ્રોકરો, ક્લિયરિંગ કોર્પોરેશન/ક્લિયરિંગ હાઉસીસ, એનબીએફસી અને શેર ટ્રાન્સફર એજન્ટ અથવા ઈશ્યુના રજિસ્ટ્રાર સેબી દ્વારા સૂચિત ધોરણોનું પાલન કરી ડીપી તરીકે નોંધણી કરાવી શકે. બેન્કિંગ સેવાઓ શાખા મારફત મેળવી શકાય, જ્યારે ડિપોઝિટરી સેવાઓ ડીપી મારફત પ્રાપ્ત કરી શકાય છે.

હવે સ્ટોક એક્સચેન્જમાં સોદા કરવા અથવા પબ્લિક ઈશ્યુ માટે અરજી કરવા બેનિફિશિયલ ઓનર એકાઉન્ટ (બીઓ) ખોલાવવાનું દરેક મૂડીરોકાણ માટે ફરજિયાત છે. તેથી, નીચે જણાવેલા ફાયદાઓને ધ્યાનમાં લેતાં, બેનિફિશિયલ ઓનર (બીઓ) એકાઉન્ટ હોવું એ સલાહભર્યું છે.

જોકે, ભૌતિક સ્વરૂપમાં નાના મૂડીરોકાણકારો (વધુમાં વધુ ૫૦૦ શેર્સ, તેમનું મૂલ્ય ગમે તે હોય) દ્વારા ટ્રેડિંગને સરળ બનાવવા સ્ટોક એક્સચેન્જો વધારાની ટ્રેડિંગ વિન્ડો પૂરી પાડે છે, જે નાના રોકાણકારોને ફરજિયાત ડીમેટ યાદીમાં હોય એવા ભૌતિક શેર્સ વેચવાની એક વખતની સગવડ આપે છે. ખરીદદારે આ પ્રકારના શેર્સ બીજાને વેચવા પૂર્વે તેને ડીમેટમાં ફેરવવા પડે છે.

ડિપોઝિટરી સેવાઓ પ્રાપ્ત કરવાના ફાયદા :

- સિક્યુરિટીઝ ધારણ કરવાનો સલામત અને અનુકૂળ માર્ગ
- સિક્યુરિટીઝની તાત્કાલિક ટ્રાન્સફર
- સિક્યુરિટીઝની ટ્રાન્સફર પર કોઈ સ્ટેમ્પ ડ્યૂટી નહીં
- ભૌતિક સર્ટિફિકેટ સાથે સંકળાયેલા બેડ ડિલિવરી, બનાવટી સિક્યુરિટીઝ, વિલંબ, ચોરી જેવાં જોખમો નાબૂદ થાય છે
- સિક્યુરિટીઝની ટ્રાન્સફર સાથે સંકળાયેલા પેપરવર્કમાં ઘટાડો
- વ્યવહાર ખર્ચમાં ઘટાડો
- ઑડ લૉટની કોઈ સમસ્યા નહીં, એક શેરનો સોદો પણ થઈ શકે
- નોમિનેશનની સુવિધા
- ડીપી પાસેના રેકોર્ડમાંનાં સરનામામાં ફેરફારની નોંધણી એ તમામ કંપનીઓમાં ઈલેક્ટ્રોનિક રીતે થઈ જાય છે, જેમાં રોકાણકાર સિક્યુરિટીઝ ધારણ કરતો હોય; દરેક કંપનીને અલગ પત્ર દ્વારા જાણ કરવાની જરૂર પડતી નથી.
- ડીપી દ્વારા જ સિક્યુરિટીઝ ટ્રાન્સફર થઈ જાય છે; કંપનીઓ સાથે પત્રવ્યવહાર કરવાની જરૂર રહેતી નથી
- બોનસ/વિભાજન/એકત્રીકરણ/મર્જર ઈત્યાદિને કારણે મળતા શેર્સ આપમેળે (ઓટોમેટિક) શેર્સના ડીમેટ એકાઉન્ટમાં જમા થઈ જાય છે.
- એક જ એકાઉન્ટમાં ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં મૂડીરોકાણ ધારણ કરી શકાય

યાદ રાખવાના મુદ્દા

- પાર્ટિસિપન્ટની રેન્જ નાના વ્યક્તિગત રોકાણકારોથી લઈને મોટા ફંડ વેપારીઓ સુધીની હોય છે, જે ક્યાંય પણ સ્થિત હોઈ શકે
- કંપનીઓ માટે, નાણાં ઊભા કરવાના સૌથી મહત્ત્વના સ્રોતોમાંનો એક
- કંપનીઓના શેર્સનું જાહેર ટ્રેડિંગ થઈ શકે અથવા જાહેર બજારમાં કંપનીની માલિકીના શેર્સ વેચીને અતિરિકત મૂડી એકત્ર થઈ શકે એની સવલત સ્ટોક એક્સચેન્જ પૂરી પાડે છે.

- શેર બજારને અવારનવાર દેશની આર્થિક તાકાત અને વિકાસનો મુખ્ય નિર્દેશક (ઈન્ડિકેટર) ગણવામાં આવે છે.
- બેન્ક ડિપોઝિટ અથવા બોન્ડ્સથી વિપરિત શેરોના ભાવમાં મોટી વધઘટ થાય છે.
- ઈક્વિટી શેર્સમાં રોકાણ કરવાનાં કારણોની પણ સમયાંતરે સમીક્ષા કરવી જ જોઈએ , જેથી કરીને તે હજી સુધી યોગ્ય છે તેની ખાતરી થાય
- કેટલીક વાર બજાર આર્થિક અથવા નાણાકીય સમાચાર પ્રતિ અતાર્કિક રીતે પ્રતિક્રિયા આપે છે એમ લાગે છે, ભલે ને પછી, આ સમાચારની સિક્યુરિટીઝના મૂલ્ય પર કોઈ વાસ્તવિક અસર થવાની શક્યતા નહિવત્ હોય.
- ટૂંકા ગાળામાં, બજારને ઝડપથી બદલનારી ઘટનાઓ દ્વારા સ્ટોક અને બીજી સિક્યુરિટીઝના ભાવ ઘટી અથવા વધી શકે છે; શેર બજારની વર્તણૂક માટે કોઈ પણ આગાહી કરવાનું મુશ્કેલ બનાવે છે.

મૂડીરોકાણની ફિલસૂફીઓ

- દરેક મૂડીરોકાણના જોખમનું મૂલ્યાંકન કરો
- પરિવારની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની જરૂરિયાતો અંગે સ્પષ્ટ રહો
- જરૂરિયાતોના આધારે મૂડીરોકાણનો નિર્ણય લો
- તમે સમજી ન શકો એવી યોજનામાં મૂડીરોકાણ ન કરો
- કોઈના વિશ્વાસે મૂડીરોકાણ ન કરો. દરેક બાબતના દસ્તાવેજી પુરાવા જુઓ
- દરેક આવક પર કરવેરાની અસર ધ્યાનમાં લો
- બજાર અંગેની ટિપ્સ અથવા અફવાઓનું આંધળું અનુસરણ ન કરો
- કોઈ પણ વસ્તુ જે અકુદરતી રીતે ઊંચી અથવા નીચી ભાસે, તેમાં કોઈ ભેદ (રહસ્ય) હોય છે
- એવી યોજનાઓને ન અનુસરો, જ્યાં કદાચ વ્યાજ સલામત રહે, પણ મુદ્દલ ગુમાવવી પડે.
- પ્રોડકટને સારી રીતે સમજ્યા બાદ જરૂરી જ્ઞાન સાથે મૂડીરોકાણ કરો

૧૧. રક્ષણ સંબંધિત પ્રોડક્ટ્સ

વિમા પોલિસીઓ

વિમો એ ભાવિ નુકસાન સામેનું રક્ષાકવચ છે. જોકે, જીવન વિમો સૌથી સામાન્ય છે, છતાં બીજી યોજનાઓ પણ છે, જે નિયમિત આવક ઉત્પન્ન કરે છે અને બીજા પ્રકારનાં નુકસાનોને આવરી લે છે.

જીવન વિમો

જીવન વિમો એટલે કોઈક ઘટના બને તો જેનો વિમો ઉતરાવ્યો હોય તે વ્યક્તિ અથવા, તેના બાદ નાણાં મેળવવાની હકદાર વ્યક્તિને

કેટલીક રકમની ચુકવણી કરવાનો એક કરાર. જો તમારું મૃત્યુ થાય તો તમારા પરિવારને પડેલી આવકની ખોટ પૂરી કરવા માટે ભંડોળ ઉપલબ્ધ કરાવી આર્થિક સુરક્ષા પૂરી પાડવાની આ સારી પદ્ધતિ છે.

મુદતી જીવન વિમો

- ભારતમાં પ્રખ્યાત થઈ રહ્યો છે
- વીમાકવચ ધરાવતી વ્યક્તિનું મૃત્યુ થાય તો નિયુક્ત લાભપ્રાપ્તકર્તા (બેનિફિશિયરી)ને સામટી રકમ (લમ્પ સમ) ચૂકવાય છે
- પોલિસીઓ સામાન્યપણે ૫, ૧૫, ૨૦ કે ૩૦ વર્ષ માટે હોય છે.
- બીજી વીમા પોલિસીઓની સરખામણીએ પ્રીમિયમ ઓછું
- તેનું કોઈ રોકડ મૂલ્ય નથી

સ્થાયી નિધિ (એન્ડાઉમેન્ટ) પોલિસીઓ

- પ્રીમિયમની સામયિક ચુકવણીની સુવિધા પૂરી પાડે છે અને વિમાકવચ ધરાવતી વ્યક્તિનું મૃત્યુ થાય અથવા પોલિસી પાકવાની તારીખે, બેમાંથી જે પહેલાં બને તે, ત્યારે એકસામટી રકમ મળે છે.

એન્યુઈટી/પેન્શન પોલિસીઓ/ફંડ્સ

- જીવન વિમાનું કવચ નહીં, પરંતુ જીવનભર અથવા કેટલાક નિશ્ચિત સમાયગાળા સુધી માત્ર આવકની બાંયધરી
- નિવૃત્તિ બાદ આવક મેળવવા આ પોલિસી લેવામાં આવે છે
- પ્રીમિયમ એકસામટું ભરી શકાય અથવા કેટલાંક વર્ષ માટે હપ્તાઓ દ્વારા ચૂકવી શકાય
- નિર્દિષ્ટ તારીખથી ઈન્સ્યુર્ડ (વીમાકવચ ધરાવતી વ્યક્તિ)ને ચોક્સ રકમ સમયાંતરે પાછી મળે છે (મહિને, છ મહિને અથવા વાર્ષિક ધોરણે)
- જો ઈન્સ્યુર્ડ મૃત્યુ પામે તો , તે બાકીનો લાભ નોમિનીને પણ ઓફર કરે છે.

યુનિટ્સ લિન્કડ ઈન્સ્યુરન્સ પોલિસી (યુએલઆઈપી - યુલિપ)

- યુલિપ એ એક એવી જીવન વિમા પોલિસી છે, જે જોખમ સામે સુરક્ષા અને મૂડીરોકાણ બંનેની તક પૂરી પાડે છે.
- મૂડી બજારની ચંચળતા (વધઘટ)ની યુલિપની કામગીરી પર સીધી અસર થાય છે
- મૂડીરોકાણનું જોખમ સામાન્ય પણે મૂડીરોકાણ દ્વારા સહન કરવામાં આવે છે

- મોટા ભાગના ઈન્સ્યુરરો વ્યક્તિના મૂડીરોકાણના હેતુઓ, જોખમના પ્રોફાઈલ અને સમયની ક્ષિતિજને અનુકૂળ આવે એવાં વિવિધ ફંડ ઓફર કરે છે. જુદા જુદા ફંડના જોખમ પ્રોફાઈલ (સંભવિત જોખમ) પણ ભિન્ન હોય છે. ફંડમાંથી વળતર માટેની સંભાવના પણ જે તે ફંડ પ્રમાણે જુદી જુદી હોય છે.

- વિવિધ ઈન્સ્યુરર દ્વારા ઓફર કરાતી યુલિપના ચાર્જ(ફી)ના માળખામાં પણ ભિન્નતા હોય છે.

- વિસ્તૃતપણે જુદી જુદી ફી અને ચાર્જીસમાં પ્રીમિયમ ફાળવણી ચાર્જ, મોર્ટાલિટી ચાર્જીસ, ફંડ મેનેજમેન્ટ ફીઝ, પોલિસી/એડમિનિસ્ટ્રેશન ચાર્જીસ અને ફંડ સ્વિચિંગ (એક ફંડમાંથી બીજા ફંડમાં જવું) ચાર્જીસનો સમાવેશ થાય છે.

નવી પેન્શન યોજના, ૨૦૦૯ (એનપીએસ)

- સ્પષ્ટ વ્યાખ્યા ધરાવતી યોગદાન યોજના, જે ૧૮થી ૫૫ વર્ષની વચ્ચેના કોઈ પણ ભારતીય નાગરિક માટે ખુલ્લી (ઉપલબ્ધ) છે

- વ્યક્તિ પેન્શન યોજનામાં કેટલીક રકમ તે નિવૃત્ત થાય ત્યાં સુધી રોકે છે

- નિવૃત્તિ સમયે, વ્યક્તિને એકઠાં થયેલાં નાણાં ઉપાડવાની અથવા નિયમિત આવક મેળવવા વીમા કંપની પાસેથી તાત્કાલિક એન્યુઇટી ફોર્મ ખરીદવાની અથવા આ બંને બાબતની છૂટ આપે છે. તાત્કાલિક એન્યુઈટી ખરીદવા માટે ઓછામાં ઓછા ૪૦ ટકા રકમ વાપરવાની જરૂર પડે છે. એકઠા થયેલાં નાણાંમાંથી વધુમાં વધુ ૬૦ ટકા રકમ ઉપાડી શકાય છે.

- તાત્કાલિક એન્યુઈટી ખરીદવાથી વીમા કંપની પાસેથી નિયમિત ચુકવણીની (નિયમિત રકમ મળવાની) ધરપત થાય છે. આ ચુકવણી મહિને, ચાર મહિને, છ મહિને અથવા વર્ષમાં એક વાર હોઈ શકે.

- યોગદાન (કોન્ટ્રિબ્યુશન)દીઠ ઓછામાં ઓછા ₹ ૫૦૦નું મૂડીરોકાણ કરવાની જરૂર પડે છે. દર વર્ષે ઓછામાં ઓછા ચાર કોન્ટ્રિબ્યુશન કરવાં પડે છે. આના સિવાય, દર વર્ષે ઓછામાં ઓછા ₹ ૬,૦૦૦નું મૂડીરોકાણ કરવું પડે છે.

- મૂડીરોકાણ કરવા માટેનાં નાણાની રકમ તેમ જ કોન્ટ્રિબ્યુશનની સંખ્યા એમ બે ઉપલી મર્યાદા હોય છે.

- એનપીએસમાં તમે રોકેલાં નાણાંનું સંચાલન પ્રોફેશનલ મેનેજરો દ્વારા કરવામાં આવે છે.

- જો તમે તમારા ફંડ મેનેજરની કામગીરીથી સંતુષ્ટ ન થયા હો તો તમે ફંડ મેનેજર બદલી શકો છો.

- આ એવું ખાતું છે જેમાંથી તમે કોઈ ઉપાડ ન કરી શકો અને તમે ૬૦ વર્ષના થાઓ ત્યાં સુધી આ ખાતામાં મૂડીરોકાણ ભેગું થાય છે. જો મૃત્યુ થાય, ગંભીર બીમારી આવે અથવા તો તમે તમારું પ્રથમ ઘર ખરીદતા હો કે બાંધતા હો તો જ ઉપાડની છૂટ મળે છે.

- ઈન્કમ ટેક્સ એકટના સેકશન ૮૦ સીસીડી હેઠળ, એનપીએસમાં ₹ ૧ લાખ સુધીના મૂડીરોકાણ માટે કર કપાતનો દાવો કરી શકાય છે. યાદ રાખો કે સેકશન ૮૦ હેઠળ ઉપલબ્ધ ₹ ૧ લાખની મર્યાદા, ઉપરાંતની આ રૂ.૧લાખની મર્યાદા નથી.

- પીપીએફમાં ભલે મળે, પણ અહીં વળતરની કોઈ બાંયધરી નથી. તમે કેટલા પૈસા બનાવો છે તેનો આધાર તમે પસંદ કરેલા ફંડ મેનેજરની કામગીરી પર રહેલો છે.

આરોગ્ય વીમો

આરોગ્ય વીમા પોલીસીઓ તમને કેટલીક બિમારી સામે રક્ષણ પૂરું પાડે છે અને કયારેક તમને સારવારની જરૂર પડે તો નાણાકીય રીતે તમે સલામત રહો તેની બાંયધરી આપે છે. તેઓ તમારી માનસિક શાંતિ અકબંધ રાખે છે, સારવારના ખર્ચ અંગેની તમારી તમામ ચિંતાઓ નાબૂદ કરે છે, અને વધુ મહત્ત્વની બાબતો પર તમારી શક્તિ કેન્દ્રિત કરવાની રાહત આપે છે.

ભારતમાં કેટલાક આરોગ્ય વિમા અથવા મેડિકલ વિમા યોજનાઓ ઉપલબ્ધ છે. તેમના દ્વારા ઓફર કરાતા કવરેજને આધારે તેમનું વિભાજન નીચે મુજબના વર્ગમાં થઈ શકેઃ

કોમ્પ્રિહેન્સિવ હેલ્થ ઈન્સ્યુરન્સ કવરેજઃ આ યોજનાઓ તમને હોસ્પિટલાઈઝેશન કવર (કવચ) મારફત સંપૂર્ણ આરોગ્ય કવરેજ પૂરું પાડે છે અને સાથે સાથે બીજી કોઈ આરોગ્યજતન ખર્ચાઓને તમે પહોંચી વળો એટલા માટે આરોગ્ય ભંડોળનું સર્જન પણ કરે છે.

હોસ્પિટલાઈઝેશન પ્લાનઃ આ આરોગ્ય વિમા યોજના જો તમને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડે તો તેનો ખર્ચ પણ આવરી લે છે. આ કેટેગરીમાં, વિવિધ પ્રકારના ખર્ચાઓ માટે પ્રોડક્ટ કદાચ જુદા જુદા પેઆઉટ માળખાં અને મર્યાદાઓ ધરાવી શકે. હોસ્પિટલાઈઝેશન કવરેજ કદાચ રિઈમ્બર્સમેન્ટ (પહેલાં ખર્ચ તમે ભોગવો અને પછી વીમા કંપની પાસેથી એ રકમ મળે) આધારિત યોજના અથવા નિર્ધારિત લાભ યોજનાઓ હોઈ શકે. આ યોજનાનો હેતુ અવારનવાર થતા તબીબી ખર્ચાઓને આવરી લેવાનો છે.

ક્રિટિકલ ઈલનેસ પ્લાન (ગંભીર બીમારી સંબંધિત યોજના): આ આરોગ્ય વિમા યોજનાઓ તમને હાર્ટ એટેક, અંગ પ્રત્યારોપણ, સ્ટ્રોક અને કિડની ફેઈલર જેવી ગંભીર બીમારી સામે કવરેજ પૂરું પાડે છે. આ યોજનાનો હેતુ કયારેક જ આવતા અને મોટા તબીબી ખર્ચને આવરી લેવાનો છે.

સ્પેસિફિક કન્ડિશન્સ કવરેજ : ડાયાબિટીઝ અથવા કેન્સરને કારણ થતી કેટલીક જટિલતાઓ સામે આરોગ્ય વિમો ઓફર કરવા વિશેષપણે તૈયાર કરાયેલી આ યોજનાઓ છે. તેઓ ડિસીઝ મેનેજમેન્ટ પ્રોગ્રામ જેવા કેટલાક વિશિષ્ટ લક્ષણો પણ ધરાવી શકે છે, જે નિર્દિષ્ટ શરતોને આધીન હોય છે.

**** અહીં આપેલી માહિતી કદાચ બદલાઈ શકે છે આથી સ્કીમ્સની છેલ્લામાં છેલ્લી જોગવાઈઓ વાંચો.***

૧૨. ઋણ સંબંધિત પ્રોડક્ટ્સ

આજે જ્યારે જીવનનિર્વાહ ખર્ચ એટલો વધી ગયો છે ત્યારે ઋણ એ સામાન્ય બાબત બની ગઈ છે. સંખ્યાબંધ લોકો વ્યક્તિગત લોન (ધિરાણ), કાર લોન, મોર્ગેજ લોન (સંપત્તિ ગીરવે મૂકીને ધિરાણ લેવું તે) અને બીજી ઘણા બધા પ્રકારની લોન માટે અરજી કરે છે. એમ લાગે છે કે દરેક બાબત માટે લોન ઉપલબ્ધ છે. ઘણી વાર ઘણાં મોટાં દેવાં (ઋણ)ને કારણે આર્થિક સમસ્યાઓ શરૂ થાય છે.

ઉપલબ્ધ વિવિધ પ્રકારની લોન

પર્સનલ લોન

વ્યક્તિ જ્યારે તાત્કાલિક આર્થિક ખર્ચ ઉઠાવી શકે એમ ન હોય ત્યારે અથવા તેના ગજા બહાર હોય તેવી અનપેક્ષિત જરૂરિયાત પૂરી કરવા સામાન્યતઃ વ્યક્તિગત (પર્સનલ) લોન લેવામાં આવે છે. માત્ર વધારાનાં નાણાં માટે અથવા અનાવશ્યક ચીજો ખરીદવા અંગત લોન લઈ લોકો ઘણીવાર આર્થિક મુશ્કેલીમાં સપડાય છે અને પછી તેમને જાણ થાય છે કે તેઓ દર મહિને જરૂરી ચુકવણી કરી શકે તેમ નથી.

મુખ્ય લક્ષણો

- વાર્ષિક ૧૪.૧૮ ટકાના ઊંચા વ્યાજ દર, ઊંચી ફી અને મોટા માસિક હપ્તાઓ માટે તૈયાર રહો.
- અરજી પ્રક્રિયા ઘણો સમય લઈ લે, મંજૂરી માટે અઠવાડિયાંઓ લાગી જાય, નાણાં મેળવતાં પણ ઘણો સમય લાગે, અનપેક્ષિત તાત્કાલિક જરૂરિયાત માટે આવી લોન એકદમ અવ્યવહારુ છે.
- પર્સનલ લોનના દર અને શરતો બદલાતી રહે, કાળજીપૂર્વક સરખામણી કરો એ ડહાપણભર્યું છે. તાકીદના ભંડોળ માટે ગ્રાહક જરૂરી હોય તેના કરતાં વધુ ન ચૂકવે એની તકેદારી રહે છે.
- તમારી રીતે સમય લો અને પર્સનલ લોન લેતાં પહેલાં સારી રીતે અભ્યાસ કરો.
- તાકીદની જરૂરિયાત સિવાય આવી લોન લેવાનું સલાહભર્યું નથી.

હાઉસિંગ લોન

હોમ લોન એક એવી બીજી લોન છે જે તમારા ઘરને જામીન રાખી આપવામાં આવે છે. જો તમે તમારું પ્રથમ ઘર ખરીદી રહ્યા છો તો હોમ લોન્સના લાભ-ગેરલાભ સમજવાનું જરૂરી છે. અર્થતંત્ર તથા બજાર સાથે સંકળાયેલાં એવાં ઘણાં પરિબળ છે, જે તમારી હોમ લોન પર અસર કરે છે.

મુખ્ય લક્ષણો

- મિલકતના મૂલ્યના ૭૫.૮૦ ટકા નાણાં બેંક આપે છે.
- ટૂંકા સમયગાળા માટે બેંકોએ તાજેતરમાં નીચા નિશ્ચિત 'ટીઝર' દર ઓફર કરવાનું શરૂ કર્યું છે. થોડા સમય બાદ વ્યાજ દરમાં ઉછાળો આવે છે અને ચલ બને છે (બદલાતા રહે છે).
- ઝીણા અક્ષરમાં છાપેલી વિગત ધ્યાનથી વાંચો.
- મોટા ભાગની હાઉસિંગ લોનનો ઓછામાં ઓછો લોક-ઈન પિરિયડ ૩ વર્ષ અથવા વધુ હોય છે.
- પૂર્વ ચુકવણી માટે ભારે દંડ
- છૂપા ખર્ચ (ફીઝ)માં મુલવણી ફી અને લોન સાથે સંકળાયેલા બીજા ચાર્જીસ
- જો તમારે ઘર વેચવું હોય તો લોન તાત્કાલિક ભરપાઈ કરવી પડે છે.

રીવર્સ મોર્ગેજ

નિયમિત મોર્ગેજ પ્રક્રિયા કરતાં એકદમ વિરોધી એટલે રીવર્સ મોર્ગેજ. ગીરવે મૂકેલી સંપત્તિ માટે વ્યક્તિ બેંકને ચૂકવે છે. આ ખ્યાલ પશ્ચિમી રાષ્ટ્રોમાં ખાસ કરીને પ્રચલિત છે.

મુખ્ય લક્ષણો

- વરિષ્ઠ નાગરિક જે ઘર (મિલકત) ધરાવતો હોય, પરંતુ જેની પાસે નિયમિત આવકનો સ્રોત ન હોય તે બેંક અથવા હાઉસિંગ ફાઈનાન્સ કંપની પાસે તેની મિલકત ગીરવે મૂકી શકે છે. બેંક/હાઉસિંગ ફાઈનાન્સ કંપની વ્યક્તિને નિયમિત ચુકવણી કરે છે.
- સારી બાબત એ છે કે પોતાની મિલકત 'રીવર્સ મોર્ગેજ' કરે છે તે વ્યક્તિ આજીવન ઘરમાં રહી શકે છે અને બહુ જરૂરી નિયમિત આવક મેળવતી રહે છે. આવી અસરકારક અને મિલકત તેના માલિકને કમાણી કરાવે છે.
- ઘરમાં રહેતી વ્યક્તિનું મૃત્યુ થાય તો અને લોન રીકવર કરવા બેંકને મિલકત વેચવાનો અધિકાર છે. જો કોઈ રકમ વધે તો તે કાનૂની વારસદારને આપવામાં આવે છે.

આરબીઆઈ દ્વારા ભારતમાં રીવર્સ મોર્ગેજ માટે તૈયાર કરાયેલી નમૂનારૂપ માર્ગદર્શિકાનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છેઃ

- ૬૦ વર્ષની ઉપરના કોઈ પણ ઘર માલિક પાત્રતા ધરાવે છે.
- રહેણાક મિલકત કિંમતના ૬૦ ટકા સુધીની મહત્તમ લોન મળે છે.
- મહત્તમ ગાળો ૧૫ વર્ષ છે.
- ઉછીના લેનાર વ્યક્તિ તેની મરજી મુજબ કોઈ પણ સમયે માસિક, ત્રિમાસિક, વાર્ષિક કે એકસામટી ચુકવણી માટેનો વિકલ્પ પસંદ કરી શકે.
- બેંક અથવા હાઉસિંગ ફાઈનાન્સ કંપની દ્વારા દર પાંચ વર્ષે એક વાર મિલકતનું પુનઃમૂલ્યાંકન હાથ ધરવામાં આવે છે.
- રીવર્સ મોર્ગેજ દ્વારા મળતી રકમ લોન તરીકે ગણવામાં આવે છે, નહીં કે આવક તરીકે.
- રીવર્સ મોર્ગેજના દર નિશ્ચિત અથવા ફ્લોટિંગ (બદલાતા) હોઈ શકે અને તેથી બજારની સ્થિતિ મુજબ બદલાતા હોય છે. બજારની સ્થિતિ લોન લેનાર વ્યક્તિ દ્વારા પસંદ કરાયેલા વ્યાજ દર માળખાના આધારે બદલાતી હોય છે.

સિક્યુરિટીઝ સામે લોન

અંગત જરૂરિયાતની સંભાળ લેવા સિવાય મૂડીરોકાણ જાળવી રાખવું એ શેર્સ સામે લોન લેવાનો મુખ્ય હેતુ છે. લોકો તેમની ઓચિંતી (આકસ્મિક ખર્ચની) જરૂરિયાતોને પહોંચી વળવા અને ખરેખર શેર્સ વેચ્યા વિના પ્રવાહિતા

મેળવવા આ પ્રકારની લોન લે છે. તમને થોડા મહિનાની અંદર ચોક્કસ રકમ મળવાની અપેક્ષા હોય અને આ વચગાળામાં કેટલાંક નાણાંની જરૂર હોય ત્યારે જ સિક્યુરિટીઝ સામે લોન લેવાનું સલાહભર્યું છે.

મુખ્ય લક્ષણો

- આરબીઆઈ ડીમેટ શેર્સના મૂલ્યના ૭૫ ટકા સુધી અને ફિઝિકલ શેર્સના મૂલ્યના ૫૦ ટકા સુધીનું ધિરાણ આપવાની બેંકને છૂટ આપે છે. જોકે બેંકો તેમની જાતે ધિરાણ આપવાની પોતાની મર્યાદા નક્કી કરી શકે છે.
- જે સિક્યુરિટીઝ સામે બેંકો લોન આપે છે તે સિક્યુરિટીઝની માન્યતા પ્રાપ્ત યાદી તેમની પાસે હોય છે. આ યાદી બધી બેંકોની સમાન નથી હોતી. વખતોવખત આ યાદીમાં સુધારો કરવામાં આવે છે.
- મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ સામેની લોન આ યુનિટ્સની એનએવી આધારિત હોય છે.
- સિક્યુરિટીના મૂલ્યાંકન, લાગુ પડતું માર્જિન, લોનનું વ્યાજ ભરવાની અને પુનઃચુકવણી કરવાની તમારી ક્ષમતા તથા અન્ય શરતોના આધારે લોનની રકમ તમને મળશે.
- વ્યાજ દર સામાન્યતઃ ૧૪થી ૧૮ ટકાની વચ્ચે હોય છે.
- ચાર્જીસ બેંકે બેંકે બદલાય છે અને સાધારણ રીતે પ્રોસેસિંગ ફી (૧-૧૫ ટકા) અને દસ્તાવેજીકરણ શુલ્કનો સમાવેશ થાય છે.
- માત્ર પૂર્ણ ભરપાઈ થયેલા શેર સ્વીકારવામાં આવે છે.
- કોર્પોરેટ, સગીર વ્યક્તિ, પેઢી, એચયુએફ અને એનઆરઆઈના નામે શેર્સ હોય તો તેની સામે આ સ્કીમ હેઠળ ધિરાણ કરાતું નથી.

ક્રેડિટ કાર્ડ ડેટ

પર્સનલ લોન સહિતના બીજા તમામ વિકલ્પ વપરાઈ જાય ત્યારે ક્રેડિટ કાર્ડ ઋણનો આશ્રય લેવાય છે. ક્રેડિટ કાર્ડ ઋણ અનસિક્યોર્ડ (અસલામત) હોય છે. એટલે તેનો વ્યાજ દર પણ ઘણો ઊંચો હોય છે. તમારી પાસે નાણાં ન હોય ત્યારે પણ નાણાં ખરીદવાની શક્તિ ક્રેડિટ કાર્ડ તમને આપે છે. ઘણા યુવા લોકો બિનજરૂરી ચીજો પર ખર્ચ કરી આનો દુરુપયોગ કરે છે.

ક્રેડિટ કાર્ડ ઋણથી દૂર રહો. ઘણા યુવાઓને ક્રેડિટ ઋણને લીધે સમસ્યાઓ નડે છે. માત્ર ઓછામાં ઓછી ચુકવણી મોંઘી છે અને તમે લાંબા ગાળા સુધી દેવા હેઠળ રહો છો. તમારા ઋણ માટે શક્ય હોય એટલા સાતત્યથી ચુકવણી કરો. તમે આમ કરી શકવાથી ખુશ રહેશો.

મુખ્ય લક્ષણો

- બીજી ક્રેડિટ સુવિધાઓની સરખામણીએ ક્રેડિટ કાર્ડના વ્યાજ દર સંભવતઃ સૌથી વધુ હોય છે. વ્યાજનો દર વાર્ષિક ૧૮થી ૩૬ ટકાની વચ્ચે હોય છે.

- વ્યાજ અને દંડ મારફત દેવું વધતું રહે છે. વ્યાજ મુક્ત સમયગાળો પૂર્ણ થાય તે પહેલાં તમે તમારી બાકી રહેલી નાણાંની ચુકવણી ન કરો તો તમારે ઊંચો વ્યાજ દર ચૂકવવો પડે છે. આનાથી તમારું ક્રેડિટ કાર્ડ ઋણ ઘટવાનું મુશ્કેલ બની શકે છે.

- મોટા ભાગના ક્રેડિટ કાર્ડની મર્યાદાઓ ઓછી (નીચી) હોવાથી કેટલાક ઋણ લેનારાઓ મહિનાથી મહિનાના ધોરણે વ્યાજની ચુકવણી સાપેક્ષ રીતે ઓછી હોય છે એ હકીકત પ્રત્યે બેદરકાર રહે છે. આ ભયંકર પ્રથા છે, કારણ કે વ્યાજની જે રકમ તમે ચૂકવો છો તે ઝડપથી એટલી વધી જાય છે કે તમારા મૂળ ઋણની રકમ કરતાં વ્યાજની રકમ વધી જાય છે.

- એકથી વધુ કાર્ડ ધરાવતા હો ત્યારે સાવધાન રહો અને ક્રેડિટ કાર્ડ પૂરા પાડનારાઓ દ્વારા કરાતા માર્કેટિંગ પ્રમોશનથી પણ સાવચેત રહો. તેઓ સક્રિય પ્રયાસ કરી તમારા ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારવામાં સફળ થાય છે.

વધુ પડતું ઋણ ટાળવાના ઉપાયઃ

ઋણની મર્યાદા નક્કી કરો.

- તમને કેટલું ઋણ પરવડી શકે તે નક્કી કરો પછી ખાતરી કરી લો કે તમારું કુલ દેવું તમે નક્કી કરેલી મર્યાદાથી ઓછું હોય.

- તમારી આવકના એકમાંથી કેટલાં નાણાં તમે ઋણ પર ખર્ચવા તૈયાર છો એની મર્યાદા પણ તમે નિશ્ચિત કરી શકો. તમે તમારી ક્રેડિટ વધુ પડતી ન લંબાવો એની તકેદારી રાખવામાં આ મર્યાદા ઉપયોગી થઈ શકે.

ઋણ માટે કાળજીપૂર્વક તપાસ કરો.

- જો તમારે લોનની જરૂર હોય તો પૂરતું સંશોધન કરો. હંમેશાં એ સમજી લો કે તમારી લોન માટેના વ્યાજ માટે તમે કેટલા ચૂકવશો અને સૌથી ઓછા વ્યાજ દરની તપાસ કરો અને તમને સૌથી વધુ પરવડી શકે એવા ઋણનો વિકલ્પ શોધો. આનાથી એક વાત નિશ્ચિત થશે કે તમે વ્યાજ દર પર વધુ પડતી રકમ નહીં ખર્ચો.

- વર્ષમાં એક વાર ચકાસો કે તમને હજી શ્રેષ્ઠ વ્યાજ દર મળી રહ્યો છે અને શક્ય લોન સોદો તમે કરી રહ્યા છો.

લાલચને વશ ન થાવઃ

- એક વાર તમે દર્શાવી દો કે કેટલુંક ઋણ તમે મેનેજ કરી શકો છો ત્યારે ઘણી બધી કંપનીઓ તમને વધુ ઋણ આપવા આતુર હોય છે. કંપનીઓ તમને ક્રેડિટ કાર્ડની ઓફર મોકલવાનું શરૂ કરી દેશે અને તમારા ધિરાણકર્તા તમને કદાચ વધારાનાં ક્રેડિટ પ્રોડક્ટ્સ ઓફર કરશે.

- ઘણું બધું નવું દેવું કરવાનું કદાચ લલચામણું હોય, પરંતુ તમારે આમ કરવામાં કાળજી રાખવી જોઈએ. તમને ખરેખર જરૂર હોય ત્યારે જ લોન અથવા ક્રેડિટ કાર્ડ લો.

તમારા બિલની રકમ આપોઆપ ચૂકવાય તેવી વ્યવસ્થા

- ઘણી બેંકો અને એમ્પલોયર્સ એવી સુવિધા પૂરી પાડે છે, જેમાં કેટલાંક નાણાં આપમેળે તમારા પેચેકમાંથી બાદ થઈ જાય છે.
- તમારાં બિલ યોગ્ય રીતે ચૂકવાઈ જાય તેનો આ ઉત્તમ માર્ગ હોઈ શકે. વધુમાં આ નાણાં તમારી આંખ સામે નહીં આવે એટલે તે ગુમાવ્યાનો (વપરાઈ ગયાનો) વસવસો નહીંવત રહેશે.

૧૩. રોકાણની વ્યૂહરચના

પદ્ધતિપૂર્વક રોકાણનું આયોજન

નાણાકીય આયોજનની મુખ્ય ચાવી વહેલી શરૂઆત છે. આજે તમારે ધનવાન થવું હોય તો જરૂરી નથી કે તમને ધન વારસામાં મળે. પદ્ધતિપૂર્વકનું રોકાણનું આયોજન (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન - એસઆઈપી) એક ઉત્તમ સાધન છે, જેનાથી નાની, બાંધી રકમની (સામાન્ય રીતે મહિને) નિયમિતપણે અને સમયાંતરે રોકાણ કરવાની શરૂઆત કરવાની હોય છે.

પદ્ધતિપૂર્વક કરેલા રોકાણ આયોજનના ફાયદા

AFFORDABLE **SIP GIVES YOU THE OPTION TO INVEST EVEN A MINIMAL AMOUNT OF RS 500 EACH MONTH**

પરવડે તેવું **એસઆઈપીમાં તમે દર મહિને ફક્ત ₹ ૫૦૦ના રોકાણથી શરૂઆત કરી શકો છો.**

EASY AND... **PAYMENT THROUGH POST DATED CHEQUES OR A DEBIT FACILITY**

સહેલી અને વ્યવસ્થિત રીતે રકમનું સ્થાનાંતર **આગળની તારીખ લખેલા ચેક આપીને કે પછી ડેબિટ-ફેસિલિટી દ્વારા નિયમિત રૂપે પૈસાની ચુકવણી થઈ શકે છે.**

DIVIDENT-GROWTH OPTION **INVESTORS HAVE AN OPTION OF EITHER TAKING DIVIDEND PAYOUT...**

ડિવિડંડનો ફરી રોકાણમાં ઉપયોગ **રોકાણકારને વિકલ્પ મળે છે કે તેને મળતા શેરદીઠ વ્યાજને ઉપાડી લેવું કે પછી તેને ફરી રોકાણમાં ઉપયોગ કરવો.**

SYSTEMETIC AND USER FRE... **GET BETTER RETURN IN THE LONG RUN BY INVESTIN EVERY MONTH**

રોકાણકાર માટે સાનુકૂળ અને પદ્ધતિપૂર્વકનું **દરેક મહિને નિયમિત રોકાણ કરવાથી લાંબે ગાળે ઉત્તમ વળતર મળે છે.**

નવા રોકાણકાર જેઓ નવી શરૂઆત કરે છે તેને માટે પરવડે તેવું છે. તેઓ ઓછામાં ઓછા મહિને ૫૦૦ રૂપિયાના રોકાણની શરૂઆત કરી શકે છે.

રૂપી કોસ્ટ એવરેજિંગની પરિકલ્પના:

એસઆઈપી રૂપી કોસ્ટ એવરેજિંગનો ઉપયોગ કરે છે. આ સમજવા નીચેનો દાખલો જોઈએ:

મહિનો	જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ	એપ્રિલ
અ. રોકાણની રકમ (દર મહિને)	૫૦૦	૫૦૦	૫૦૦	૫૦૦
બ. નેટ એટ વેલ્યુ	૮	૧૦	૧૩	૧૨
ક. યુનિટની સંખ્યા (અ/બ)	૬૨.૫૦	૫૦	૩૮.૪૬	૪૧.૬૭

જાન્યુઆરી મહિનામાં ₹ ૫૦૦ના રોકાણથી ૧૦૦ યુનિટ ખરીદી શકાય છે, જ્યારે એપ્રિલ મહિનામાં એની સરખામણીએ ફક્ત ૪૧ યુનિટ ખરીદ કરી શકાય છે. આમ રોકાણની ₹ ૫૦૦ની એક સરખી રકમથી દરેક મહિને અલગ અલગ સંખ્યામાં યુનિટ ખરીદી શકાય છે. જ્યારે બજાર પડેલું હોય ત્યારે વધુ સંખ્યામાં અને જ્યારે બજાર ઉપર હોય ત્યારે ઓછી સંખ્યામાં યુનિટો ખરીદી શકાય છે. આમ તમારા યુનિટની પડતર કિંમતને કારણે થાય છે. પદ્ધતિપૂર્વક રોકાણના આયોજનથી તમારે શેરબજારની હલચલ પર નજર રાખવી પડતી નથી અને તે રીતે તમારો સમય બચાવી શકાય છે.

આ તમે જાણો છો ?
એક જ સમયે કરેલા રોકાણમાં વધુ જોખમ હોય છે જ્યારે પદ્ધતિપૂર્વકના રોકાણના આયોજનમાં ઓછું હોય છે.

૧૪. રોકાણમાં નુકસાની ન થાય તે માટેની તકેદારી

પ્રવર્તમાન બનાવોથી પોતાની જાતને સતત માહિતગાર રાખવી એ ઘણું મહત્ત્વનું છે, જેથી રોકાણકાર નાણાકીય બજારમાં બનતી ઘટનાઓથી વાકેફ રહી શકે. આ ઉપરાંત પણ અનેક બાબતો હોય છે, જેને કારણે તમારે તમારા પોર્ટફોલિયો પર સતત નજર રાખવી જોઈએ. જો તમે તમારા પોર્ટફોલિયો પર નજર નહીં રાખો તો તમને મળતો નફો ગુમાવી દેશો.

તમારે તમારા રોકાણનું પૃથ્થકરણ કરવાની આદત પાડવી જોઈએ. તમારા રોકાણની કેટલી કિંમત થાય છે તેનું નિરીક્ષણ કરવું જોઈએ અને તમારે તમારા પોર્ટફોલિયોને સતત સમતોલ બનાવતા રહેવું જોઈએ.

જો તમે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા હો તો તમારા ચોક્કસ ફંડની યુનિટની રોજેરોજની પડતર કિંમત પર ધ્યાન આપવું જોઈએ. જેમ તમે તમારા શેરના ભાવ પર ધ્યાન આપો છો તેમ તમે વિવિધ નાણાકીય રેશિયોના બારામાં જાણકાર હોવા જોઈએ, જેમ કે પ્રોફિટ માર્જીન, સોલ્વંસી રેશિયો અને લિક્વિડિટી રેશિયો. આ બાબતો

તમને કંપનીની કામગીરીનો તથા શેરની કિંમત અને બીજી બાબતોનો ખ્યાલ આપે છે. જો તમે બોંડમાં રોકાણ કરતા હો તો તમને બોંડની પાકતી તારીખ, વ્યાજનો દર અને બોંડને લાગતી બીજી બાબતોની જાણકારી હોવી જોઈએ. જો તમે જે તે કંપની વિષે જાણતા હો કે તે કંપની અગાઉ તેના લેણદારોને વ્યાજ દેવામાં નિષ્ફળ ગઈ હતી તો તમે આવી કંપનીના શેરમાં રોકાણ ન કરવું જોઈએ. વેલ્યુએશન ટેક્નિક જેવી કે રેશિયો ઓનલાઈનીંગ, ઈન્વેસ્ટમેન્ટ પે-ઓફના વિષે સારી જાણકારી હોવી જોઈએ, જેથી તમે સલામત રોકાણ કરી શકો.

આર્થિક બાબતોને લગતા બનાવો અને શેરબજારના ચઢાવ-ઉતારથી તમારા રોકાણની કિંમતમાં શું ફેરફાર થયો તેની પર નજર રાખતા રહેવું જોઈએ.

કંપનીના નાણાકીય અહેવાલ દ્વારા તમે તમારા રોકાણનું પૃથ્થકરણ કરી શકો છો. કંપનીની ભૂતકાળમાં કેવી કામગીરી હતી તે પરથી ભવિષ્યની કામગીરી સારી લાગતી હોય તો કંપનીમાં રોકાણ કરવું ઉચિત છે. કંપનીના નાણાકીય અહેવાલ દ્વારા કંપની પોતાનાં નાણાંનો કેવી રીતે ઉપયોગ કરે છે તે બાબતથી પરિચિત થવું જોઈએ. લોકોના જૂથને આકર્ષવા માટે અજમાવવામાં આવતી પ્રયુક્તિથી સાવધાન રહેવું જોઈએ. કંપનીએ પોતાના અહેવાલમાં ભૂતકાળમાં કેવી રીતે કામગીરી દર્શાવી હતી તેવા અહેવાલથી તેમની ચાતુરીભરી વિગતો અલગ તારવવાની આવડત કેળવવી જોઈએ. તમારું દરેક રોકાણ કટોકટીભર્યું હોય છે માટે રોકાણની શરૂઆતથી તેના અંત સુધી તેના ઉપર નિયંત્રણ રાખો. તમે જ્યારે તમારા ભંડોળમાંથી ચોક્કસ રકમ આપીને રોકાણ માટેની કોઈ સંપત્તિ ખરીદો છો ત્યારથી તમારા રોકાણની શરૂઆત થાય છે. જ્યારે તમે તમારા રોકાણની સંપત્તિનું વેચાણ કરીને તમે વેચાણ દ્વારા પૈસા પરત મેળવો છો ત્યાં સુધીની ક્રિયાને રોકાણનું જીવનચક્ર કહેવાય. પ્રત્યેક રોકાણકારે પોતાના રોકાણની શરૂઆતથી લઈને અંત સુધી તેની ઉપર નિયંત્રણ રાખવું જોઈએ. રોકાણની સમય મર્યાદા સુધી સતત તેની ઉપર ધ્યાન આપવું જોઈએ. રોકાણ જાળવવાની સમય સીમા દરેક રોકાણકાર દીઠ અલગ અલગ હોય છે. કોઈ રોકાણકાર થોડી મિનિટ, કલાક કે દિવસ સુધીનું રોકાણ કરે છે તો કોઈ વર્ષો સુધી રોકાણ જાળવે છે પણ હંમેશ માટેની એક સલાહ છે કે રોકાણ માટે લાંબા ગાળાનું રોકાણ કરવું જોઈએ જેથી રોકાણ દ્વારા ફાયદો મેળવી શકાય. લાંબા ગાળાના રોકાણ પર ઓછામાં ઓછો ટેક્સ ભરવો પડે છે પણ જેઓને ઝડપી નફો કમાવવો છે તે લાંબા ગાળાની સલાહને અનુસરતા નથી.

કરવેરાનું આયોજન

દરેક રોકાણકારે પોતાના રોકાણ પર કેટલા કરવેરા લાગી શકે તે બાબત જાણવી જોઈએ. પ્રત્યેક વ્યક્તિને આવકવેરો લાગુ પડે છે. પણ આવક વેરો કેટલો ભરવો તે આવકવેરાના કયા સ્લેબ મર્યાદામાં આવે છે તેની ઉપર આધાર રાખે છે.

આમ છતાં તમે તમારા રોકાણ પર કરવેરામાં રાહત મેળવી શકો છો.

સેક્શન ૮૦૦ ઈન્કમટેક્સની કલમ હેઠળ તમને ૧,૦૦,૦૦૦ની મર્યાદામાં ટેક્સ રાહત મેળવી શકો છો. તમે આવકવેરાના કયા સ્લેબમાં આવો છો તે ધ્યાનમાં લીધા વગર નીચે દર્શાવેલા રોકાણ પર રાહત મેળવી શકો છો.

- પ્રોવિડન્ડ ફંડ
- પબ્લિક પ્રોવિડંટ ફંડ

- લાઈફ ઈન્શ્યુરન્સ પ્રીમિયમ
- પેન્શન પ્લાન
- મ્યુચ્યુઅલ ફંડની ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કીમ્સ
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોંડ્સ
- નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ્સ

મેડિકલ ઈન્શ્યુરન્સના પ્લાનના પ્રીમિયમની ચુકવણી પર તમે સેક્શન ૮૦ડી* ઈન્કમ ટેક્સના કાયદા હેઠળ કર રાહત મેળવી શકો છો. આ રકમ કલમ ૮૦સી*ની ₹ ૧ લાખની મર્યાદા ઉપરાંતની છે. ૮૦ડી*માં ₹ ૩૦,૦૦૦ સુધીની રકમ કરમાંથી બાદ આપવાની જોગવાઈ છે. સિનિયર સિટીઝન્સને ₹ ૨૦,૦૦૦ સુધીની રકમ બાદ મળે છે. પોતાના, પત્ની, માતાપિતા અને બાળકોના આરોગ્ય વિમાના પ્રીમિયમની રકમ આ ડિડક્શન હેઠળ બાદ મળે છે. પ્રોપરાઈટરી પેઢીઓએ ચેક દ્વારા કરેલી ચુકવણીને પણ આ લાગુ પડે છે. આ ધારો આવાસ લોનની ચુકવણીને પણ મુક્તિ આપે છે. પોતે રહેતા હો એ મિલકત માટેની લોનના વર્ષે ₹ ૧,૫૦,૦૦૦ સુધીનું વ્યાજ વેરામુક્ત છે. જોકે તે લોન લીધાના ત્રણ વર્ષમાં ઘર બાંધવામાં આવે તેને અને ૧ એપ્રિલ, ૧૯૯૯ બાદ લીધેલી લોન હોય તો તેને લાગુ પડે છે.

રોકાણકારોને સંબંધિત સ્રોતોમાંથી આવકવેરાની છેલ્લામાં છેલ્લી જોગવાઈઓ જોવાની સલાહ છે.

૧૫. રોકાણની શરૂઆત કેવી રીતે કરવી ?

રોકાણની શરૂઆત કરતાં પહેલાં નીચે મુજબનાં પગલાં લેવાં જોઈએઃ

૧. રોકાણકાર પાસે નીચે દર્શાવ્યા મુજબના દસ્તાવેજ હોવા જોઈએઃ

  - પોતાની ઓળખના પુરાવા તરીકે - પેનકાર્ડ, પાસપોર્ટ કોપી, ડ્રાઈવિંગ લાઈસન્સની કોપી.
  - રહેણાંકનો પુરાવો - વપરાશના બિલ, ટેલિફોન બિલ, વીજળી વપરાશનાં બિલ.

૨. રોકાણકારે મધ્યસ્થીનો સંપર્ક કરવો જોઈએ જે દલાલ, કે રિલેશન મેનેજર હોઈ શકે.

૩. રોકાણ માટે ત્યાર પછી કેવાયસી (તમારા ગ્રાહકની જાણકારી) ફોર્મ ભરવું જોઈએ. અને તેમાં જરૂરી માહિતી ભરવી જોઈએ. આ ઉપરાંત તેણે બ્રોકર-ક્લાયન્ટ એગ્રીમેન્ટ પણ ભરવું જોઈએ.

૪. રોકાણકારે ત્યાર બાદ ડિમેટ તથા બેંક એકાઉન્ટ ખોલાવવું જોઈએ અને આ માટે જરૂરી માહિતી ભરવી જોઈએ.

રોકાણકારે ઉપર મુજબનાં પગલાં લીધા પછી નાણાકીય બજારમાં વેપારની શરૂઆત કરી શકે છે. જો કોઈ કામ બાબતની તકરાર હોય તો રોકાણકારે નીચે દર્શાવ્યા મુજબના અધિકારીનો સંપર્ક કરવો જોઈએ.

નં.	સંપત્તિનો પ્રકાર	સૌથી પહેલા સંપર્ક કરવો	તમારી સમસ્યા માટે આગળ કોનો સંપર્ક કરવો
૧	શેર/સિક્યુરિટી	કંપની/શેરબજાર	સેબી/એમસીએ
૨	કોર્પોરેટ ડેટ	કંપની/શેરબજાર	આરબીઆઈ/એમઓએફ
૩	કોમોડિટી	શેરબજાર	એફએમસી
૪	ફોરેક્સ	શેરબજાર	આરબીઆઈ
૫	ઈન્શ્યુરન્સ	કંપની	આઈઆરડીએ
૬	મ્યુચ્યુઅલ ફંડ	એએમસી/શેરબજાર	સેબી
૭	એનબીએફસી	લાગતાવળગતા એનબીએફને	આરબીઆઈ
૮	લિસ્ટિંગ / ડી લિસ્ટિંગ / ટેકઓવર / બાયબેક	કંપની	સેબી
૯	મર્જર/અમાલગમેશન	કંપની	એમસીએ
૧૦	સરકારને ધિરાણ કર્યું હોય		આરબીઆઈ

સેબી - સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

એમસીએ - મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ

આરબીઆઈ - રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

એમઓએફ - મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ

એફએમસી - ફોરવર્ડ માર્કેટ કમિશન

આઈઆરડીએ - ઈન્શ્યુરન્સ રેગ્યુરેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી

૧૬. નાણાકીય શિક્ષણના ફાયદા

નાણાકીય શિક્ષણ માટે ભારપૂર્વકની જરૂરિયાત બે ક્ષેત્રમાંથી આવે છે.

પ્રથમ તો વ્યક્તિગત નાણાકીય બાબતોની કથળતી સ્થિતિ. આજના યુવાનો તેમના ગજા બહારનું (આવક કરતાં વધુ નાણાં ખર્ચવાનું) જીવન ધોરણ અપનાવે છે, ક્રેડિટ કાર્ડનું ઋણ લે છે અને જોખમી મૂડીરોકાણ કરે છે.

બીજું છે નવા અને ઘણી વાર જટિલ, નાણાકીય પ્રોડક્ટસનું પ્રસારણ, જે ગ્રાહકો પાસે વધુ નાણાકીય નિપુણતા માગી લે છે. બજારની તોફાની સ્થિતિ અને બદલાતા કરવેરાના કાયદાઓએ સુદૃઢ નાણાકીય શિક્ષણની જરૂરિયાત વધારી છે.

સરકારી સેવકો પણ નિવૃત્તિ અંગેના સુસ્પષ્ટ ફાયદાઓ સાથેની યોજનાઓ તરફથી નિર્ધારિત ફાળવણીની યોજનાઓ ભણી ગતિ કરી રહ્યા છે. તેથી નિવૃત્તિ આયોજન ખૂબ મહત્ત્વનું બની જાય છે.

નાણાકીય શિક્ષણના કેટલાક ફાયદાઃ-

- સલામત નાણાકીય ભવિષ્યના નિર્માણમાં મદદરૂપ. નાણાકીય શિક્ષણનો અભાવ વ્યક્તિની અથવા પરિવારની લાંબા ગાળાના લક્ષ્ય માટે બચત કરવાની ક્ષમતાને અસર કરી શકે છે અને તીવ્ર નાણાકીય કટોકટીનો તેઓ શિકાર બની શકે છે.
- નાણાકીય કટોકટી માટે સજ્જ કરે છે. તમારા નાણાકીય પ્લાનમાં અણધારી આફત માટે જોગવાઈ કરી તમે ભાવિ કપરા સંજોગોનો સામનો કરવા સજ્જ રહો છે.
- નાણાકીય શિક્ષણ ધરાવતા લોકો તેમને ન સમજાય એવાં નાણાકીય પ્રોડક્ટ ખરીદતા નથી અને આમ, વેચાણના ગતકડાંઓનો ભોગ બનતા નથી.
- નિપુણતાની લાગણી અનુભવે છે. લોકોને તેમના લક્ષ્યની વધુ નજીક લાવવા માટે નાણાકીય શિક્ષણ અસરકારક છે.
- નાણાં પ્રત્યે શિસ્તબદ્ધ અભિગમ સાથે લોકોને વધુ જવાબદાર બનાવે છે. લોકોને વધુ પડતો ખર્ચ કરતાં રોકે છે અને બચત તથા મૂડીરોકાણની આદત કેળવવામાં મદદ કરે છે.
- બેન્ક અને બીજા ઋણદાતાઓ (લેન્ડર્સ) દ્વારા તેમના પ્રોડક્ટ વેચવા માટે અપનાવાતી વાંધાજનક પ્રથાઓ વિશે તમને વધુ માહિતગાર બનાવે છે.
- તમારા પરિવાર માટે તમે સારો દાખલો બેસાડી રહ્યા હોવાનો અનુભવ થાય છે.
- નાણાંના સંચાલનની નિપુણતાઓ તમારા જીવનનાં બીજા પાસાંઓ માટે પણ લાભદાયક બને છે.

૧૭. રોકાણકાર રક્ષણ અને ફરિયાદ નિવારણ યંત્રણા

મૂડીરોકાણકારનું રક્ષણ

- સિક્યુરિટીઝ બજારમાં મૂડીરોકાણકારના હિતના રક્ષણના મુખ્ય હેતુ સાથે સિક્યુરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની સ્થાપના થઈ હતી.

- સેબી મૂડીરોકાણકારના હિતમાં અથવા સિક્યુરિટીઝ બજારના ક્રમબદ્ધ વિકાસ માટે તમામ ઈન્ટરમીડિયરીઝ (મધ્યસ્થકારો) અને સિક્યુરિટીઝ બજાર સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓને આદેશ જારી કરી શકે છે.

- સેબીએ મૂડીરોકાણકારના રક્ષણ માટે તેની પ્રવૃત્તિઓ સંગીન બનાવવાના દૃષ્ટિકોણ સાથે સેબી (ઈન્વેસ્ટર પ્રોટેકશન અને એજ્યુકેશન ફંડ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની જાહેરાત કરી છે. ફંડનો ઉપયોગ નીચે જણાવેલા હેતુઓ માટે થઈ શકેઃ-

  - મૂડીરોકાણકારને લક્ષ્યમાં રાખી સેમિનાર, પ્રશિક્ષણ, સંશોધન અને પ્રકાશનો સહિતની શૈક્ષણિક પ્રવૃત્તિઓ

  - મૂડીરોકાણકારને ધ્યાનમાં રાખી મીડિયા - પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક દ્વારા જાગૃતિ કાર્યક્રમો

  - સેબી દ્વારા માન્યતાપ્રાપ્ત મૂડીરોકાણની સંસ્થાઓની રોકાણકારના શિક્ષણ અને જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓ માટે નાણાંની જોગવાઈ કરવા

  - બોર્ડ દ્વારા માન્યતાપ્રાપ્ત મૂડીરોકાણકાર મંડળોને લિસ્ટેડ અથવા લિસ્ટિંગ માટે પ્રસ્તાવિત સિક્યોરિટીઝમાં રોકાણકારોના હિતમાં કાનૂની કાર્યવાહી હાથ ધરવા નાણાકીય સહાય આપવી

- એક્સચેન્જોએ ડિફોલ્ટર મેમ્બરો વિરુદ્ધ રોકાણકારોના દાવાઓને પહોંચી વળવા રોકાણકાર સુરક્ષા ભંડોળ (આઈપીએફ)ની સ્થાપના કરી છે

- એક્સચેન્જો મેમ્બરો અને રોકાણકાર વચ્ચે તથા મેમ્બરો વચ્ચેના લવાદની પ્રક્રિયામાં પણ સહાય કરે છે.

મૂડીરોકાણ ફરિયાદ નિવારણ યંત્રણા

- સેબી અને સ્ટોક એક્સચેન્જોએ રોકાણકારોની સિક્યુરિટીઝ બજાર સંબંધિત ફરિયાદોના ઝડપી નિવારણ માટે રોકાણકાર ફરિયાદ નિવારણ સેલ (કેન્દ્ર)ની સ્થાપના કરી છે.

- રોકાણકારોની ફરિયાદો નોંધવા માટે ફરિયાદ નિવારણ વિભાગના ખાસ ઈ-મેઈલ આઈડી/અનુપાલન અધિકારી (કોમ્પ્લાયન્સ ઓફિસર)ની જોગવાઈ કરવાનો સેબીએ તમામ સ્ટોક એક્સચેન્જો, રજિસ્ટર્ડ બ્રોકરો, સબ-બ્રોકરો, ડિપોઝિટરીઝ અને લિસ્ટેડ કંપનીઓને આદેશ આપ્યો છે.

- સિક્યુરિટીઝ બજારમાંથી ઉદ્‌ભવતી રોકાણકારોની ફરિયાદના નિવારણ માટે સેબીએ યંત્રણાની સ્થાપના કરી છે.

- સેબી મુંબઈ ખાતેના મુખ્ય કાર્યાલય તથા નવી દિલ્હી, ચેન્નઈ, કોલકત્તા અને અમદાવાદ ખાતેના પ્રાદેશિક કાર્યાલયોમાં કામકાજના તમામ દિવસોએ 'વોક-ઈન' સેવા પૂરી પાડે છે. રોકાણકાર અધિકારીઓને મળી શકે છે અને ઈશ્યુઅર સામે તેમની કોઈ ફરિયાદ હોય તે સંદર્ભમાં માર્ગદર્શન મેળવી શકે છે. મૂડીરોકાણકારો કામકાજના અમુક નિર્ધારિત દિવસોએ સેબીના ઉચ્ચ અધિકારીઓને પણ મળી શકે છે.

- રોકાણકારો investorcompliaints@sebi.gov.in ખાતે સેબી પાસે તેમની ફરિયાદ નોંધાવી શકે છે.

- કોઈ પણ સહાય માટે મૂડીરોકાણકારો asksebi@sebi.gov.in ખાતે સેબીનો સંપર્ક સાધી શકે છે.

૧૮. સંક્ષેપ

- નાણાકીય આયોજનનું મહત્ત્વ સમજો.
- ટૂંકા તથા લાંબા ગાળાનું લક્ષ્ય ગોઠવો.
- રોકાણ માટેનું આયોજન કરો અને તેની ઉપર સતત નજર રાખો.
- વધુ આવક માટે રોકાણ કરો અને એ નિરીક્ષણ કરો કે વધતા ફુગાવા સાથે આવક વધે.
- મૂળભૂત જરૂરિયાત અને લાલસા વચ્ચેનો તફાવત જાણો.
- આવક વેરો ભર્યા બાદની બચતની આવકથી તમારા ખર્ચને પહોંચી ન વળાતું હોય તો તમારા જીવન ધોરણને બચતની આવકમાં બંધબેસતી ગોઠવો.
- તમારી નાણાકીય આવકના જુદા જુદા સ્રોતોને ભેગા કરીને તેનું આયોજન કરો.
- કરવેરા અને ફુગાવાની બાબતો તમારા રોકાણને કેવી અસર કરે છે તે બાબતની જાગૃતિ કેળવો.
- આવકની વધતી જરૂરિયાત તથા નાણાકીય બજારમાં બનતા બનાવોથી તમારા રોકાણનાં સાધનો પર કેવી અસર પડે છે તથા તમારી આવક તમારા રોકાણના લક્ષ્યને પહોંચી વળવા માટે કેટલી સક્ષમ રહે છે તે બાબતની જાગૃતિ કેળવો.

૧૯. મહત્ત્વની વેબસાઈટ્સ

૧. www.sebi.gov.in/

૨. www.rbi.org.in

3. www.amfindia.com/

૪. www.mcx-sx.com

૫. www.investor.sebi.gov.in૭.

૬. www.nseindia.com

૭. www.federalreserve.gov

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

ભાવિ નાણાકીય શિક્ષણ કાર્યક્રમોના નીચે જણાવેલા કોઈ પણ મોડ્યુલ માટે;

૧. સ્કૂલ ચિલ્ડ્રન
૨. કોલેજ સ્ટુડન્ટ્સ
૩. મિડલ ઈન્કમ ગ્રુપ્સ
૪. એક્ઝિક્યુટિઝ
૫. રિટાયરમેન્ટ પ્લાનિંગ
૬. હોમ મેકર્સ
૭. સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ

અથવા

સિક્યુરિટીઝ માર્કેટ્સ અંગેના નીચે જણાવેલા વિષયો નામે;

૧. ઓફર ડોક્યુમેન્ટ કેમ વાંચવો
૨. શેરબજાર મારફત પ્રાઈમરી બજારમાં કઈ રીતે રોકાણ કરવું.
૩. સિક્યુરિટીઝનું કામકાજકેમ કરવું/ રોકાણકારોને માર્ગદર્શન
૪. ડી-મેટ ખાતું અને ડિપોઝિટરીઓ
૫. મ્યુચ્યુઅલ ફંડો - આ કરો, આ ન કરો
૬. સામૂહિક રોકાણ યોજનાઓ - આ કરો, આ ન કરો
૭. શેરોનું બાય-બેક (પુનઃ ખરીદી), સિક્યુરિટીઝનું ડિલિસ્ટિંગ
૮. ટેકઓવરનાં નિયમનો
૯. રોકાણકાર ફરિયાદોનું નિવારણ કેમ કરવું

માટે કૃપયા સેબીને લખોઃ feprogram@sebi.gov.in

અથવા

ડેપ્યુટી જનરલ મેનેજર

ઈન્વેસ્ટર અવેરનેસ ડિવિઝન

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સેબી ભવન

પ્લોટ નં - સી૪-એ, જી-બ્લોક
બાન્દ્રા કુર્લા કોમ્પલેક્સ, બાન્દ્રા (પૂર્વ)
મુંબઈ ૪૦૦૦૫૧
ટેલિ:+૯૧ ૦૨૨ ૨૬૪૪૯૨૧૮

ભારતમાં સેબી ઓફિસના સંપર્કોની વિગતો

હેડ ઓફિસ

સેબી ભવન

પ્લોટ નં. સી૪-એ, 'જી' બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પલેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧

ટેલિફોનઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૦૦ / ૪૦૪૫૯૦૦૦ ૯૧૧૪

ફેક્સઃ +૯૧-૨૨-૨૬૪૪૯૦૧૬-૨૦ / ૪૦૪૫૯૦૧૬-૨૦

ઈ-મેઈલઃ sebi@sebi.gov.in

(મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ગોવા, દીવ, દમણ અને દાદરા અને નગર હવેલી)

નોર્ધન રિજનલ ઓફિસ	**સધર્ન રિજનલ ઓફિસ**
પાંચમો માળ, બેન્ક ઓફ બરોડા બિલ્ડિંગ, ૧૬, સંસદ માર્ગ, ન્યૂ દિલ્હી - ૧૧૦૦૦૧. ટેલિફોનઃ +૯૧-૧૧-૨૩૭૨૪૦૦૧-૦૫ ફેક્સઃ +૯૧-૧૧-૨૩૭૨૪૦૦૬. ઈ-મેઈલઃ sebinro@sebi.gov.in (હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મૂ અને કાશ્મીર, પંજાબ, ઉત્તર પ્રદેશ, ચંદીગઢ, ઉત્તરાખંડ અને દિલ્હી)	ડી'મોન્ટે બિલ્ડિંગ, ત્રીજો માળ, ૩૨ ડી' મોન્ટે કોલોની, ટીટીકે રોડ, અલવરપેટ, ચેન્નઈઃ ૬૦૦ ૦૧૮. ટેલિફોનઃ +૯૧-૪૪-૨૪૬૭૪૦૦૦ / ૨૪૬૭૪૧૫૦ ફેક્સઃ +૯૧-૦૪૪-૨૪૬૭૪૦૦૧ ઈ-મેઈલઃ sebisro@sebi.gov.in (આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તામિલનાડુ, પોંડિચેરી અને લક્ષદ્વીપ અને મિનિકૉ આઈસલેન્ડ)
ઈસ્ટર્ન રિજનલ ઓફિસ	**વેસ્ટર્ન રિજનલ ઓફિસ**
એલ એન્ડ ટી ચેમ્બર્સ, ત્રીજો માળ, ૧૬, કેમેક સ્ટ્રીટ, કલકત્તા - ૭૦૦ ૦૧૭ ટેલિફોનઃ +૯૧-૩૩-૨૩૦૨૩૦૦૦ ફેક્સઃ +૯૧-૩૩-૨૨૮૭૪૩૦૭ ઈ-મેઈલઃ sebiero@sebi.gov.in (આસામ, બિહાર, મણીપુર, મેઘાલય, નાગાલેન્ડ, ઓરિસા, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ, ત્રિપુરા, સિક્કીમ, ઝારખંડ અને આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ)	યૂનિટ નં. ૦૦૨, ગ્રાઉન્ડ ફ્લોર સાકાર ૧, ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પાસે, નેહરુ બ્રીજ આશ્રમ રોડની સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૯ ટેલિફોનઃ +૯૧-૦૭૯-૨૬૫૮૩૬૩૩-૩૫ ફેક્સઃ +૯૧-૦૭૯-૨૬૫૮૩૬૩૨ ઈ-મેઈલઃ sebiwro@sebi.gov.in (ગુજરાત અને રાજસ્થાન)

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા

જુલાઈ, ૨૦૧૦માં પ્રકાશિત